# ચેલેન્જર

તંત્રી : પ્રતાપભાઈ કે. ગોહિલ

દૈનિક

www.challengerdaily.com

Email :- challengerdaily@gmail.com

• Year : 08 • issue : 89 • Date : 11/10/2018 • No. of Page : 4 • Price : Rs.1.00 • 115, ROYAL COMPLEX HAJUR PAYAGA ROAD, NEAR HIGH CORT, BHAVANAGAR• R.N.I. REG. NO. GUJGUJ/2011/39246 • Reg No. BVR-397/2015-2017 • * Renewed up to 31 Dec. 2017

• વર્ષ : ૦૮ • અંક : ૮૯ • તા. ૧૧-૧૦-૨૦૧૮ • ગુરૂવાર • પાના : ૪ • ભાવનગર • મુખ્ય કાર્યાલય : ૫૮, સુવિધા શોપીંગ સેન્ટર, પેલેસ રોડ, ભૈરવપરા, પાલિતાણા • મો.૯૪૨૮૧૨૧૯૩૩ • ફોન નં.(૦૨૮૪૮) ૨૫૧૯૩૩


### રેલવે વિભાગના ૧૨ લાખ કર્મચારીઓને સીધો લાભ થશે

# દુર્ગા પૂજા પર કર્મચારીઓને ૭૮ દિવસનું બોનસ આપવા જાહેરાત

## કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં રેલવેના પ્રસ્તાવને લીલીઝંડી આપી દેવામાં આવી રેલવે ઉપર ૨૦૦૦ કરોડનો બોજ પડશે : બિનગેજેટ રેલવે કર્મીઓને લાભ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવીદિલ્હી, તા. ૧૦

રેલવે આ વર્ષે કર્મચારીઓને ૭૮ દિવસના પગારના બરોબરની રકમ બોનસ તરીકે આપવાની તૈયારીમાં છે. આ અંગેનો નિર્ણય લેવામાં આવી ચુક્યો છે. આજે રેલવેના આ પ્રસ્તાવને કેન્દ્રીય કેબિનેટે લીલીઝંડી આપી દીધી હતી. એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, દુર્ગા પૂજાથી પહેલા જ બોનસની ચુકવણી કરી દેવામાં આવશે. જો કે, માસિક પગારની મર્યાદા ૭૦૦૦ રૂપિયા જ રાખવામાં આવશે. આનાથી રેલવે ઉપર આશરે ૨૦૦૦ કરોડ રૂપિયાનો બોજ પડશે. બોનસ રેલવેના બિન રાજપત્રિત કર્મચારીઓને આપવામાં આવશે જે લોકોની સંખ્યા ૧૧.૯૧ લાખ જેટલી છે. દર વર્ષે દશેરાથી પહેલા બોનસની ચુકવણી કરવાની પરંપરા રહેલી છે. આમા રેલવે પ્રોટેક્શન ફોર્સ અને રેલવે પ્રોટેક્શન સ્પેશિયલ ફોર્સનો સમાવેશ કરવામાં આવતો નથી. સુત્રોના કહેવા મુજબ આ બોનસ હેઠળ એક કર્મચારીના ખાતામાં ૧૮૦૦૦ રૂપિયા સુધીની રકમ આવી શકે છે. સતત સાતમાં વર્ષે રેલવે કર્મચારીઓને ૭૮ દિવસના બોનસની ચુકવણી કરવામાં આવી રહી છે. બીજી બાજુ ૮૪ રેલવે પ્રોજેક્ટો જે ૯૯૦ અબજ રૂપિયાના છે તે કોલ ટ્રાફિકને વધુ વ્યવસ્થિત બનાવશે. એક વખતે કોલ પ્રોજેક્ટો પૂર્ણ થઇ ગયા બાદ રેલવે ૩થી ૫ વર્ષના ગાળામાં બે અબજ ટનની નુરની અવરજવરને હાથ ધરી શકશે. ભારતીય રેલવે દ્વારા ૮૪ પ્રોજેક્ટો હાથ ધરવામાં આવી ચુક્યા છે. નૂરના કાર્ગોમાં પોતાની હિસ્સેદારીને વધારવાના હેતુસર ભારતીય રેલવે દ્વારા આ પ્રોજેક્ટો હાથ ધર્યા છે. પીએમઓ દ્વારા આ પ્રોજેક્ટો પૈકી ૧૪ પ્રોજેક્ટો ઉપર નજર રાખવામાં આવશે. આ પ્રોજેક્ટો ૨૦૨૦થી લઇને ૨૦૨૨ સુધી પૂર્ણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટો ૯૨૫૯ કિલોમીટરને આવરી લેશે. આ પૈકીની ૧૫ને લંબાવવામાં આવનાર છે. ૬૪૪૫ કિલોમીટરના પ્રોજેક્ટો ડબલિંગ અને ત્રિપલિંગના છે. કેટલાક રુટ ઉપર ફોર લાઈન, ગેજ રૂપાંતરણની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવનાર છે. કેન્દ્રીય કેબિનેટે એકબાજુ પ્રોડક્ટીવિટી લિંક બોનસની જાહેરાત કરી દીધી છે. આ ચુકવણી લાયક ઉમેદવારોને આપવામાં આવશે. મળેલી માહિતી મુજબ નોનગેજેટ રેલવે કર્મચારીઓને બોનસની રકમ ચુકવવામાં આવશે. ૭૦૦૦ રૂપિયા મહિને જે લોકોના પગાર છે તેમને આ ચુકવણી કરવામાં આવશે. બીજી બાજુ કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં અન્ય કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય પણ લેવામાં આવ્યા હતા જેના ભાગરુપે સમગ્ર પ્રક્રિયાને વધુ ઝડપથી આગળ વધારી શકાશે. એકબાજુ કેબિનેટે પગારને મંજુરી આપી છે. બીજી બાજુ એર ઈન્ડિયાને મદદરુપ બનવા માટે પણ તૈયારી કરી છે.

# એન્જિનિયરીંગમાં પાસ થવા માટે ૪૦ માર્કસ જરૂરી રહેશે

## લેખિત પરીક્ષામાં પાસીંગ માર્કસ ૨૩ના બદલે ૨૮ લાવવા પડશે : હવે ઈન્ટર્નલમાં ૩૦માંથી ૧૨ માર્ક લાવવા પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧૦

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા એન્જિનિયરીંગની પરીક્ષાના પાસિંગ માર્કર્સમાં વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એકેડેમિક કાઉન્સિલ દ્વારા આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે મુજબ, હવેથી લેખિત પરીક્ષામાં પાસિંગ માર્ક્સ ૨૩ના બદલે ૨૮ રહેશે. તેમજ ઈન્ટર્નલ પરીક્ષામાં કુલ ૩૦માંથી પાસ થવા ૧૨ માર્કસ લાવવા પડશે. આમ, એન્જિનીયરીંગમાં હવે પાસ થવા માટે ઓછામાં ઓછા ૪૦ માર્કસ વિદ્યાર્થીઓએ લાવવા પડશે. જેનો અમલ નવા શૈક્ષણિક સત્ર ૨૦૧૯-૨૦થી અમલ કરવામાં આવશે. જીટીયુની તાજેતરમાં એકેડેમિક કાઉન્સિલની બેઠક મળી હતી. આ બેઠકમાં અલગ-અલગ ફેકલ્ટીના અભ્યાસક્રમ અને પરીક્ષા સંબંધિત બાબતો અંગે વિચારણા કરવામાં આવી હતી, જેમાં અભ્યાસક્રમમાં ફેરફારની સાથે ખાસ કરીને વિદ્યાર્થીઓને પરીક્ષામાં પાસિંગ માર્ક્સ અંગે મહત્ત્વની ભલામણ બોર્ડ ઓફ ગવર્નરને કરવામાં આવી હતી. આ બેઠકમાં કમિટીના અમુક સભ્યોએ કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પાસ થવા માટે ૪૦ માર્ક્સ લાવવાની દરખાસ્ત મૂકી હતી ત્યારે આ બેઠકમાં અમુક મેમ્બર્સે વિરોધ પણ કર્યો હતો, વિદ્યાર્થીઓ માંડ-માંડ પાસ થઇ રહ્યા હોય તો તેવા સંજોગોમાં પાસિંગ માર્ક્સ વધારી દેવામાં આવે તો વિદ્યાર્થીઓની હાલત કફોડી થશે તે માટે વિરોધ પણ એનએસયુઆઇએ કર્યો હતો. એકેડેમિક કાઉન્સિલમાં આ મતલબનો નિર્ણય લેવામાં આવ્યો છે. ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરી, ફાર્મસી, એમબીએ-એમસીએ સહિતની જુદા જુદા કોર્સમાં કુલ બે પ્રકારની પરીક્ષા લેવામાં આવે છે, જેમાં કોલેજની ઈન્ટર્નલ પરીક્ષામાં કુલ ૩૦માંથી પાસ થવા માટે ૧૨ માર્ક્સ લાવવા પડે છે. આ માર્ક્સની ગણતરી કરીએ તો ૪૦ ટકા પૂરા થઇ જાય છે. જોકે હાલ તો એકેડેમિક કાઉન્સિલે નિર્ણયનો અમલ કરી દીધો છે, પરંતુ અમુક સભ્યના વિરોધના કારણે બોર્ડ ઓફ ગવર્નર પર નિર્ણય છોડવામાં આવ્યો છે. સૂત્રો દ્વારા એવું પણ જાણવા મળ્યું છે કે વિદ્યાર્થીઓની કવોલીટી સુધરે તે માટે બોર્ડ ઓફ ગવર્નર પણ નિયમનો અમલ કરશે તેમ લાગી રહ્યું છે. કાઉન્સીલના નવા નિર્ણયને લઇ વિદ્યાર્થીઓમાં પણ અલગ-અલગ પ્રતિભાવો સાંપડી રહ્યા છે.

# સીએમ બનવા નીતિન પટેલ રાજકીય રમત રમી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧૦

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી પરપ્રાંતીયો પર હુમલા, હિંસા અને તેમની હિજરતના બનાવો સામે આવી રહ્યા છે, ત્યારે બીજીબાજુ, ગુજરાતનું રાજકારણ પણ ગરમાતાં હવે વરવું રૂપ ધારણ કર્યું હોય તેમ જણાય છે. કોંગ્રેસ-ભાજપ એકબીજા પર આક્ષેપો-પ્રતિઆક્ષેપો કરી રહ્યા છે. ત્યારે જેના પર હિંસાનો આરોપ લગાવવામાં આવ્યો છે એવી ઠાકોર સેનાએ આજે નીતિન પટેલ પર મોટો અને ગંભીર આરોપ લગાવ્યો છે કે, રાજયમાં પરપ્રાંતીયો પર હુમલા અને હિંસા માટે નીતિન પટેલ જવાબદાર છે. રાજકીય લાભ લેવા અને મુખ્યમંત્રી બનવા માટે તેમણે આ રમત રમી છે. ઠાકોર સેનાએ આજે મીડિયા સમક્ષ નીતિન પટેલ પર સનસનીખેજ આરોપ લગાવ્યો હતો કે નીતિન પટેલ જ ગુજરાતમાં શાંતિ ઈચ્છતા નથી. પોતાની રાજકીય મહત્વાકાંક્ષા માટે તેઓ રાજકીય રમત રમીને હિંસા કરાવે છે. ગુજરાતમાંથી પરપ્રાંતીયો પલાયન થઈ રહ્યા છે તેમને રોકવાનું કામ યોગ્ય રીતે રાજ્ય સરકાર કરી રહી નથી. ઠાકોર સેના અને ઓબીસી એકતા મંચે નીતિન પટેલ પર ગંભીર આરોપ લગાવ્યા હતા અને જણાવ્યું હતું કે જે બાળકોના ભવિષ્ય સાથે રમત રમે તે પરપ્રાંતીય સાથે શું ન કરી શકે? આવા આરોપ સાથે જ એક વર્ષ પહેલા શિક્ષણમાં ડોમિસાઈલ પર કરવામાં આવેલા નીતિન પટેલના સન્માન ફોટો અને સોશિયલ મીડિયાની સ્ક્રિન શોટ જારી કર્યા હતા. ગુજરાતમાં થયેલા પરપ્રાંતીય હુમલાની વિરોધમાં અને પરપ્રાંતીય સાથે સુમેળ સાધવા માટે કોંગ્રેસના ધારાસભ્ય અને ઠાકોર સેનાના યુવા નેતા અલ્પેશ ઠાકોર આવતીકાલે સદભાવના ઉપવાસ કરવાના છે ત્યારે આ ઉપવાસમાં તેમણે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારને હાજર રહેવા આમંત્રણ પાઠવ્યું છે. જો કે, આ બંને નેતાઓ દ્વારા અલ્પેશ ઠાકોરના સદભાવના ઉપવાસ કાર્યક્રમમાં હાજરી આપવાના બહુ ઓછા ચાન્સીસ છે. કેટલાક રાજકીય વિશ્લેષકો આ માત્ર અલ્પેશ ઠાકોરનો પબ્લીસીટી સ્ટંટ અને વિવાદ ખાળવાના પ્રયાસ સમાન ગણાવી રહ્યા છે.



નવરાત્રિની શરૂઆત થઇ છે ત્યારે અંબાજીમાં ઘટસ્થાપનની વિધિ ધાર્મિક મંત્રોચ્ચાર સાથે કરાઈ હતી.

# છેલ્લાં અઢાર વર્ષથી નાસતાં-ફરતાં આરોપીને ઝડપી લેતી : લોકલ ક્રાઈમ બ્રાન્ચ ભાવનગર

ભાવનગર જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી પી.એલ.માલ સાહેબે સમગ્ર જિલ્લામાં નાસતાં-ફરતાં આરોપીઓને પકડી પાડવા માટે ડ્રાઈવનું આયોજન કરેલ.જેમાં ભાવનગર,લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પોલીસ ઈન્સ. ડી.એમ.મિશ્રા તથા એન.જી.જાડેજા પો.સબ ઈન્સ. તથા એલ.સી.બી. સ્ટાફનાં માણસોને નાસતાં-ફરતાં આરોપીઓને શોધી પકડી પાડવાની સુચના આપેલ.

જે સુચના મુજબ ભાવનગર,એલ.સી.બી. સ્ટા.ફનાં માણસો આજરોજ ભાવનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં.તે દરમ્યાન પો.કો. રાજેન્દ્રસિંહ સરવૈયા તથા ચિંતનભાઇ મકવાણાને સંયુકત રીતે બાતમીરાહે હકિકત મળેલ કે,પાલીતાણા રૂરલ પો.સ્ટે.ૈં ગુ.ર.નં.૨૩૪/૨૦૦૦ ઈ.પી.કો. કલમઃ-૩૬૩,૩૬૬ મુજબનાં ગુન્હાનાં કામે અટક કરવાનાં બાકી આરોપી પોપટભાઇ જસાભાઇ મકવાણા રહે.સાંજણાસર તા.પાલીતાણા વાળો લાલ તથ કાળી લીટીવાળો સફેદ શર્ટ તથા કાળુ પેન્ટ પહેરીને પાનવાડી ચોકથી એસ.ટી. બસ સ્ટેન્ડ જવાનાં રસ્તા ઉપર તાપીબાઇ હોસ્પીટલની સામે રોડ ઉપર ઉભેલ છે.જે બાતમી આધારે બાતમીવાળી જગ્યાએ આવતાં આરોપી પોપટભાઇ જસાભાઇ મકવાણા ઉ.વ.૪૫ રહે.છોરા ફળીયામાં,સાંજણાસર તા.પાલીતાણા ભાવનગર હાલ-કીમ ચોકડી પાસે, વાલેચા ગામ નેમુભાઇની વાડીમાં તા.માંગરોળ જી.સુરતવાળો હાજર મળી આવેલ. જેથી આરોપી વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી તેને નિલમબાગ પોલીસ સ્ટેશન સોંપી આપવામાં આવેલ.





આ બનાવ અંગે પાલીતાણા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ થયેલ હોય.જેથી આરોપીને પાલીતાણા રૂરલ પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

આમ, સગીર બાળાને લલચાવી-ફોસલાવી ભગાડી લઇ જવાનાં ગુન્હામાં છેલ્લાં અઢાર વર્ષથી નાસતાં-ફરતાં આરોપીને ઝડપી લેવામાં ભાવનગર,લોકલ ક્રાઈમ બ્રાન્ચ ટીમને મહત્વની સફળતા મળેલ છે.

આ સમગ્ર કામગીરીમાં એલ.સી.બી.નાં પો.ઈન્સ. ડી.એમ.મિશ્રા તથા એન.જી.જાડેજા પો.સબ ઈન્સ., એલ.સી.બી.,ભાવનગર તથા એલ.સી.બી. સ્ટાફનાં કલ્યાણસિંહ જાડેજા, ભયપાલસિંહ ચુડાસમા,રાજેન્દ્રસિંહ સરવૈયા, ચિંતનભાઇ મકવાણા વિગેરે સ્ટાફનાં માણસો જોડાયા હતાં.

# ખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબની જીવન કવનની માહિતી જનજન સુધી પહોંચે તે માટે ભાવનગર જિલ્લાના ગામોમાં ''એકતા યાત્રા'' રથ ફરશે:

## ભાવનગર જિલ્લામાં ૨૦ થી ૨૯ ઓક્ટોબર તથા ૧૫ થી ૨૪ નવેમ્બર દરમિયાન બે તબક્કાઓમાં એકતા યાત્રા રથ ગામે ગામ ઘુમશે:

ભાવનગર ;બુધવારઃ- દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટરની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું આગામી તા.૩૧મી ઓકટોબરના રોજ વડાપ્રધાનશ્રીના હસ્તે લોકાર્પણ થનાર છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીનું ઉદઘાટન એક સંભારણું બને તેવા ભવ્ય કાર્યક્રમ, સરદાર પટેલના સંદેશને હાલના જનજીવનમાં તેની અગત્યતા સાથે લોકો સુધી પહોંચાડવા, સક્ષમ અને અખંડ ભારત માટે ધાર્મિક સંવાદિતાનો સંદેશ પ્રસરાવવો અને સૌમાં રાષ્ટ્રપ્રેમની ભાવના વિકસાવવી તેમજ જ્ઞાતિ ધર્મથી પર રહી રાષ્ટ્રવાદ કેળવવાના વિષયોને આવરી લઇ આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

સરદાર વલ્લભભાઈ પટેલના જીવન કવનની માહિતી જનજન સુધી પહોંચે તેમજ સામાજીક એકતા અને અખંડ ભારતનો સંદેશો પહોચાડવાના આશયથી એકતા યાત્રા- સ્ટેચ્યુ ઓફ યુનિટીના કાર્યક્રમનું રાજયવ્યાપી આયોજન બે તબક્કામાં કરવામાં આવનાર છે. આગામી પ્રથમ તબક્કામાં તા.૨૦/૧૦/૧૮ થી તા.૨૯/૧૦/૧૮ દરમિયાન તથા બીજા તબક્કામાં તા.૧૫/૧૧/૧૮ થી ૨૪/૧૧/૧૮ સુધી ભાવનગર





જિલ્લાના ગામોમાં એકતા રથ ફરશે.

આ એકતા યાત્રા દરમિયાન સરદાર સાહેબના જીવન કવન અને યોગદાન વિષયક નિબંધ સ્પર્ધા, પ્રશ્નોત્તરી સ્પર્ધા, ચર્ચા સ્પર્ધાઓ યોજાશે તેમજ વિશેષ રથ સાથે રાષ્ટ્રીય એકતા અંતર્ગત વિડીયો પણ પ્રદર્શિત કરાશે. ગામોમાં રાત્રી દરમિયાન કૃષિ વિષયક માહિતી, ખેડૂત સભા પણ યોજાશે.



નવરાત્રિ ઉત્સવની પરંપરાગતરીતે શરૂઆત થઇ હતી. જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે ગરબાની ધૂમ જોવા મળી હતી.

## તંત્રી સ્થાનેથી....

# પ્રોક્ટર એન્ડ ગેમ્બલ દ્વારા પ્રથમ પ્રોગ્રામ વીગ્રો લોંચ

પ્રોક્ટર એન્ડ ગેમ્બલ (પીએન્ડજી)એ આજે અનોખા અને ઈનોવેટિવ બિઝનેસ સોલ્યુશન્સ પર બહારના ભાગીદારોને જોડવા માટે લાખ્ખો ડોલરનું ઈનોવેશન સોર્સિંગ ફંડ સ્થાપવાની જાહેરાત કરી છે. આ રોકાણની જાહેરાત સાથે પીએન્ડજીએ આજે ઈનોવેટિવ ઉદ્યોગ અવ્વલ સોલ્યુશન્સ ઓફર કરતાં સ્ટાર્ટ-અપ્સ, નાના વેપારો, વ્યક્તિગતો અથવા મોટી સંસ્થાઓને ઓળખવા અને તેને જોડવા પર કેન્દ્રિત ભારતમાં તેનો પ્રથમ પ્રોગ્રામ વીગ્રો લોન્ચ કર્યો હતો. પ્રોગ્રામના આરંભ માટે પીએન્ડજી દ્વારા મુંબઈમાં આજથી તા.૧૦ અને ૧૧ ઓકટોબર એમ બે દિવસીય વીગ્રો એક્સટર્નલ બિઝનેસ પાર્ટનર સમિટનું પણ આયોજન કરાયું છે. આ પ્રકારના આયોજન પીએન્ડજીની લીડરશિપ ટીમ સામે તેમનાં સોલ્યુશન્સ રજૂ કરવા માટે મંચ પૂરું પાડે છે. વીગ્રો સમિટ સપ્લાય ચેઈન સોલ્યુશન્સ, કાચા માલોના ઈનોવેશન્સ, ગ્રાહકો માટે ઉત્કૃષ્ટ બ્રાન્ડ અને માર્કેટિંગ સોલ્યુશન્સ, પેકેજિંગ પર ઈનોવેશન અને પ્રોડક્ટિવિટી આઈડિયાઝ વગેરે જેવાં વિવિધ ક્ષેત્રોમાં ઈનોવેટિવ બિઝનેસ આઈડિયાઝ પર ધ્યાન કેન્દ્રિત કરશે. પીએન્ડજીના ભારત ઉપખંડના એમડી અને સીઈઓ મધુસૂદન ગોપાલને જણાવ્યું હતું કે, ઈનોવેશન પીએન્ડજીમાં અમે જે પણ કરીએ તે બધામાં ઊંડાણથી સંડોવાયેલું છે. અમે માનીએ છીએ કે જોડાણ કરવાથી ઈનોવેશનને ગતિ મળે છે અને ઈકોસિસ્ટમમાં એકત્ર કામ કરવા માટે બધા હિસ્સાધારકો એકત્ર આવે ત્યારે મોટી જીત હાંસલ કરી શકાય છે. ભારતમાં ગતિશીલ બજારમાં ઉત્ક્રાંતિ પામતા ગ્રાહકોના વર્તનને ધ્યાનમાં લેતાં આ રોમાંચક સમય છે. ભારતીય બજાર વર્તમાન વર્ષોમાં ઈનોવેશનમાં આગળ છે, જેણે વૈશ્વિક સ્તરે કંપની માટે અગ્રતા આપવાનું ચાલુ રાખ્યું છે. અમને વિશ્વાસ છે કે, અમારી પહેલ વીગ્રો અને અમારા ઈનોવેશન સોર્સિંગ ફંડ થકી અમે અમારા પ્રવાસમાં સક્ષમ રીતે વૃદ્ધિ કરવા અમારે માટે વ્યૂહાત્મક અનુકૂળ અત્યાધુનિક સોલ્યુશન્સને ઓળખી તેનો અમલ કરી શકીશું. બહારના વેપાર ભાગીદારી થકી ઈનોવેશન સોલ્યુશન્સ લાવવા માટે પીએન્ડજીએ તેનું ઓનલાઈન મંચ પીએન્ડજી હેકેથોન પણ લોન્ચ કર્યું છે. આ મંચ બહારી વેપાર ભાગીદારોને કંપનીની જરૂરતો સાથે જોડે છે, જેને લીધે સંગઠિત ઈકોસિસ્ટમ નિર્માણ થાય છે. ઓનલાઈન મંચ પીએન્ડજી હેકેથોન સ્ટાર્ટ-અપ્સ, નાના વેપારો અને મોટી સંસ્થાઓને તેમના ઈનોવેશન સોલ્યુશન્સ પીએન્ડજીની આગેવાની સામે રજૂ કરવા અને કંપની સાથે તેમની વેપાર તકો સંરક્ષિત કરવામાં મદદરૂપ થશે.

### નિફ્ટી ૧૫૯ પોઈન્ટ રિકવર થઈને ૧૦૪૬૦ની સપાટીએ

# બજારમાં રિકવરી : સેંસેક્સ ૪૬૧ પોઈન્ટ સુધર્યો, નવી આશા જાગી

### સેક્ટરલ ઈન્ડેક્સમાં નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં ૩.૨ ટકા સુધી ઉછાળો : બેંકિંગ શેરોમાં તેજી નોંધાઈ : મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં પણ ઉછાળો રહ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ,તા. ૧૦

શેરબજારમાં આજે જોરદાર રિકવરી રહી હતી. કારોબારના અંતે બેંચમાર્ક ઈન્ડેક્સ એક ટકા ઉછળીને ઉંચી સપાટીએ રહ્યો હતો. આજે કારોબારના અંતે સેંસેક્સ ૪૬૧ પોઈન્ટ રિકવર થઈને ૩૪૭૬૧ની ઉંચી સપાટીએ રહ્યો હતો. નિફ્ટી ૧૫૯ પોઈન્ટ ઉછળીને ૧૦૪૬૦ની સપાટીએ રહ્યો હતો. દિવસ દરમિયાન રૂપિયામાં ઉથલપાથલની સ્થિતિ રહી હતી. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં ૩.૨ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે એક્સિસ બેંકમાં પણ વધારો રહ્યો હતો. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, આઈસીઆઈસીઆઈ બેંકના શેરમાં પણ ઉછાળો નોંધાયો હતો. નિફ્ટી ઓટો ઈન્ડેક્સમાં ૨.૬ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. જો કે, નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં ૧.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૪.૨ ટકાનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૪૨૮૩ રહી હતી જ્યારે એસએન્ડપી સ્મોલકેપમાં ૩.૭ ટકાનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૩૯૯૮ રહી હતી.



અદાણી પાવરના નેતૃત્વમાં પાવર કંપનીના શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો. એશિયન શેરબજારમાં રિબાઉન્ડની સ્થિતિ રહી હતી. દેશના ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન ડેટા (આઈઆઈપી)ના આંકડા જે ઓગસ્ટ મહિના માટેના છે તે શુક્રવારના દિવસે જારી કરવામાં આવનાર છે. ઓગસ્ટ મહિના માટેના આઈઆઈપીના ડેટા અને સપ્ટેમ્બર મહિના માટેના રિટેલ ફુગાવા (સીપીઆઈ)ના આંકડા શુક્રવારે જારી થશે. જુલાઈ મહિનામાં ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શનનો આંકડો ૬.૬ ટકાનો રહ્યો હતો. મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં દેખાવ શાનદાર રહ્યો હતો. કેટલાક નિષ્ણાતો માને છે કે, ઓગસ્ટ મહિનામાં પણ આઈઆઈપીના આંકડા યથાવત રહેશે જ્યારે રિટેલ ફુગાવો ઓગસ્ટ મહિનામાં સીપીઆઈ ફુગાવો ૩.૬૯ ટકા રહ્યો હતો જે ૧૦ મહિનાની નીચી સપાટી છે. અમેરિકા અને ચીન સહિતના દેશોમાં જુદા જુદા આંકડા હાલમાં જારી કરવામાં આવનાર છે. આશ્ચર્યજનક પહેલરૂપે આરબીઆઈએ તે દિવસે વ્યાજદર યથાવત રાખ્યો હતો. સેંસેક્સમાં ગઈકાલે વધુ ૧૭૫ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. ડોલર સામે રૂપિયામાં ઘટાડો અને એશિયન શેરબજારમાં ૧૭ મહિનાની સૌથી નીચી સપાટી વચ્ચે ભારે અફડાતફડી જોવા મળી હતી. સેંસેક્સ ૧૭૫ પોઈન્ટ ઘટીને બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૪૭ પોઈન્ટ ઘટીને ૧૦૩૦૧ની સપાટીએ રહ્યો હતો. અત્રે નોંધનીય છે કે, શેરબજાર શુક્રવારના દિવસે ફરી એકવાર હચમચી ઉઠ્યું હતું. સતત ત્રીજા દિવસે ઘટાડાનો દોર જારી રહ્યો હતો. શુક્રવારના દિવસે પણ ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ બજારમાં હાહાકાર મચાવ્યો હતો. મુંબઈ સ્ટોક એક્સચેંજના ૩૦ શેર સેંસેક્સમાં ૭૯૨ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો.

### મેમનગર અંધ કન્યા પ્રકાશ ગૃહમાં ટેલેન્ટ શો

# પ્રજ્ઞાચક્ષુઓએ નૃત્યકલા અને ગીતસંગીતથી મંત્રમુગ્ધ કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧૦

શહેરના મેમનગર વિસ્તારમાં આવેલા અંધ કન્યા પ્રકાશ ગૃહમાં આજે ૧૭૮થી વધુ પ્રજ્ઞાચક્ષુ બહેનોનો અનોખો અને પ્રેરણાદાયી ટેલેન્ટ શો-રાઈઝીંગ સ્ટાર્સ ઓફ ધ અંધ કન્યા પ્રકાશ ગૃહનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રજ્ઞાચક્ષુ દિકરીઓ માટે ચેરિટી કરવાના આશયથી દેશની સૌથી વિશાળ એફએમસીજી ડાયરેકટ સેલીંગ કંપની એમવે આગળ આવી હતી. આ પ્રસંગે યુવા વેપાર સાહસિક, મોટીવેટર અને દાતા ચિરંજીવ પટેલે અંધ કન્યા પ્રકાશ ગૃહમાં પ્રજ્ઞાચક્ષુ દિકરીઓને વ્હાઈટ કેન્સ આપી હતી અને પ્રજ્ઞાચક્ષુ કન્યાઓને તેમના ગીતો ગાવાની, વાદ્ય વગાડવાની અને નૃત્ય કલા સહિતની પ્રતિભાને બિરદાવી પ્રોત્સાહિત કરી હતી. અંધ કન્યા પ્રકાશગૃહમાં દ્રષ્ટિમાં ખામી ધરાવતી કન્યાઓનું અદ્ભુત પરફોર્મન્સ જોઈ સૌકોઈ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. આ પ્રસંગે મહિલા ક્રિકેટ ખેલાડી અને કોચ જિજ્ઞા ગજ્જર અને શહેરના નામાંકિત ગાયક અને સંગીતકાર તુષાર ત્રિવેદીએ પણ પ્રજ્ઞાચક્ષુ બાળાઓને પ્રોત્સાહિત કરી હતી. પ્રજ્ઞાચક્ષુ બાળાઓના ટેલેન્ટ શો પ્રસંગે એમવે ઈન્ડિયાના સિનિયર વાઈસ પ્રેસીડેન્ટ સંદીપ પ્રકાશે જણાવ્યું હતું કે, એમવે સને ૧૯૯૯થી દ્રષ્ટિમાં ખામી ધરાવતાં નાગરિકોના કલ્યાણ માટે કાર્ય કરી રહી છે અને સતત પ્રોત્સાહન આપી રહી છે. આ પ્રકારના ટેલેન્ટ શો સહિતના પ્રોત્સાહક કાર્યક્રમોનું આયોજન કરી પ્રજ્ઞાચક્ષુ લોકોની ખોજ કરી તેમને એક અદ્ભુત પ્લેટફોર્મ પૂરું પાડવા માંગે છે કે જેથી તેઓ જીવનમાં સ્વનિર્ભર બની શકે અને પોતાની સફળ કારકિર્દી બનાવી શકે. એમવેએ રાજયમાં બ્રેઈલ પાઠયપુસ્તકો સાથે ૮૫ હજારથી વધુ દ્રષ્ટિમાં ખામી ધરાવતાં બાળકોને ટેકો આપ્યો છે. એટલું જ નહી, ૨૦૦૮થી આવા પ્રજ્ઞાચક્ષુ બાળકો માટે કોમ્પ્યુટરની તાલીમ માટેની વ્યવસ્થા કરી છે. દેશભરમાં આવા ૧૫થી વધુ કોમ્પ્યુટર સેન્ટર એમવે દ્વારા સ્થાપવામાં આવ્યા છે. આ સિવાય એમવેએ ઈન્દોર અને મદુરાઈમાં બે ઓડિયો લાયબ્રેરી સ્થાપી છે, કોલકત્તામાં પ્રવાસ અને પર્યટન અભ્યાસક્રમ શરૂ કર્યા છે. મદુરાઈમાં બીપીઓ સ્થાપ્યું છે. બેંગ્લોરમાં બ્રેઈલ લાયબ્રેરી પણ સ્થાપી છે તો, ચંદીગઢ, રાયપુર અને ગૌહાટીમાં સંગીત અકાદમીની સ્થાપના કરી છે. આમ, સામાજિક ક્ષેત્રે એમવેએ વિવિધ ક્ષેત્રોમાં ચેરિટી વર્કને હંમેશો પ્રોત્સાહન આપી પોતાની સામાજિક જવાબદારી અદા કરી છે. દરમ્યાન અંધ કન્યા પ્રકાશ ગૃહના પ્રોજેકટ કો ઓર્ડિનેટર સ્મિતાબહેન શાહ અને પ્રિન્સીપાલ કાંતિભાઈએ જણાવ્યું હતું કે, માત્ર ચાર પ્રજ્ઞાચક્ષુ બાળકીઓ સાથે શરૂ થયેલું આ મેમનગરનું અંધ કન્યા પ્રકાશ ગૃહ આજે ૧૭૮થી વધુ પ્રજ્ઞાચક્ષુ કન્યાઓ સાથે મહેંકી ઉઠયું છે. પ્રજ્ઞાચક્ષુ દિકરીઓ ગીત-સંગીત, નૃત્ય સહિતની કલાઓમાં પારંગત બની પોતાની આંતરક પ્રતિભાઓથી સૌકોઈને પ્રભાવિત કરી રહી છે ત્યારે આજનો ટેલેન્ટ શો પ્રજ્ઞાચક્ષુ કન્યાઓ માટે જીવનમાં સફળતાના પગરણ માંડવામાં બહુ મહત્વપૂર્ણ સાબિત થશે. આ પ્રસંગે યુવા વેપારી સાહસિક અને દાતા ચિરંજીવ પટેલે જણાવ્યું હતું કે, પ્રજ્ઞાચક્ષુ કન્યાઓની કલા અને પ્રતિભા ખરેખર બિરદાવવાને પાત્ર છે, તે કોઈપણ રીતે સામાન્ય લોકોથી ઉતરતી નથી. વાસ્તવમાં તેઓમાં ભરપૂર આત્મવિશ્વાસ અને કુદરતી બક્ષિસ ભરેલા છે ત્યારે આજે સમાજના લોકોએ ખાસ કરીને યુવાઓએ આવા ચેરિટી કાર્યોને બિરદાવી પ્રોત્સાહિત કરવા જોઈએ અને તે માટે સમાજને કંઈક પાછુ આપવાની ભાવનાથી જીવનમાં સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

# સ્વાઈન ફ્લુના વધુ ૫૭ કેસ સપાટીએ : દહેશત અકબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧૦

સ્વાઈન ફ્લુના નવા કેસોનો સિલસિલો જારી રહ્યો છે. આજે સ્વાઈન ફ્લુના વધુ ૫૭ કેસો સપાટી ઉપર આવ્યા હતા જ્યારે સારવાર હેઠળ રહેલા દર્દીઓની સંખ્યા હજુ પણ ૩૭૯ નોંધાયેલી છે. સ્વાઈન ફ્લુના લીધે મોતનો આંકડો ૩૪ ઉપર પહોંચી ચુક્યો છે. અમદાવામાં છેલ્લા ૨૪ કલાકમાં સ્વાઈન ફ્લુના કેટલાક નવા મામલા સપાટી ઉપર આવ્યા છે. રાજ્યભરમાં સેંકડો કેસો નોંધાયા છે અને મોટી સંખ્યામાં હાલ લોકો સારવાર હેઠળ છે. જુદા જુદા વિસ્તારોમાં સ્વાઈન ફ્લુને રોકવા માટે બનતા તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યા ચિંતાજનકરીતે વધી રહી છે. જરૂરી દવાનો જથ્થો પણ ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં જ સ્વાઈન ફ્લુના ૫૭ કેસ સપાટી ઉપર આવી ચુક્યા છે. અમદાવાદની વાત કરવામાં આવે તો શહેરની હોસ્પિટલોમાં સ્વાઈન ફ્લુના ઓક્ટોબર મહિનામાં જ અનેક નવા કેસો નોંધાઈ ચુક્યા છે. ગુજરાતમાં સ્વાઈન ફ્લુના કારણે મોતનો આંકડો સપ્ટેમ્બર બાદ ૩૪ ઉપર પહોંચ્યો છે જ્યારે આ વર્ષે હજુ સુધી ૪૫ના મોત થઇ ચુક્યા છે. અમદાવાદ શહેરમાં મોત થવા માટેના કારણોમાં પુરતી સુવિધાનો પણ અભાવ દેખાઈ રહ્યો છે. પહેલી સપ્ટેમ્બર બાદથી રાજ્યમાં સ્વાઈન ફ્લુના ૧૧૪૧થી પણ વધુ કેસો નોંધાઈ ચુક્યા છે. સ્વાઈન ફ્લુના આંકડાઓને લઈને વિરોધાભાષી અહેવાલ આવી રહ્યા છે. આંકડા છુપાવવામાં આવી રહ્યા હોવાના આક્ષેપ પણ થઇ રહ્યા છે. ગુજરાત સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્વાઈન ફ્લુના જુદા જુદા આંકડા આપવામાં આવી રહ્યા છે જેથી મિડિયામાં પણ સ્વાઈન ફ્લુના કેસોના આંકડા જુદા જુદા નોંધાઈ રહ્યા છે. વડોદરા, સુરતની સાથે સાથે અમદાવાદ શહેરમાં પણ સ્વાઈન ફ્લુના અનેક કેસો નોંધાઈ ચુક્યા છે.

# શૂઝ પહેરીને પોલીસ કર્મચારી જગન્નાથ મંદિરમાં પ્રવેશ ન કરે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવીદિલ્હી, તા. ૧૦

દેશના આસ્થાના કેન્દ્રોમાંથી મુખ્ય સ્થાન ગણાતા જગન્નાથ મંદિરને લઇ સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપી દીધો છે. આજે સુનાવણી કરતી વેળા સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, કોઈપણ પોલીસ કર્મી હથિયારોને લઈને તથા શૂઝ પહેરીને મંદિરમાં પ્રવેશ કરી શકશે નહીં. મંદિરમાં શ્રદ્ધાળુઓ માટે લાઈન લગાવીને દર્શન કરવાની વ્યવસ્થા લાગૂ કરવાના ગાળા દરમિયાન ત્રીજી ઓક્ટોબરના દિવસે થયેલી હિંસાની નોંધ લેતા સુપ્રીમ કોર્ટ તરફથી આ મુજબનો આદેશ કરવામાં આવ્યો છે. શૂઝ પહેરીને તથા હથિયાર લઈને જગન્નાથ મંદિરમાં પોલીસ કર્મી પ્રવેશ કરી શકશે નહીં. સુપ્રીમના આ આદેશને લઈને જોરદાર ચર્ચા ચાલી રહી છે. ઓરિસ્સા સરકારે ન્યાયમૂર્તિ મદન બી લાકુર અને ન્યાયમૂર્તિ દિપક ગુપ્તાની પીઠને કહ્યું હતું કે, પુરીના જગન્નાથ મંદિરમાં હિંસાના સંદર્ભમાં ૪૭ લોકોની ધરપકડ કરવામાં આવી ચુકી છે. હાલમાં સ્થિતિ સંપૂર્ણપણે કાબૂમાં છે. રાજ્ય સરકારે પીઠને કહ્યું છે કે, જગન્નાથ મંદિર સંકુલમાં કોઈપણ પ્રકારની હિંસા થઈ નથી. હિંસાના ગાળા દરમિયાન મંદિર વહીવટીતંત્રના ઓફિસ ઉપર હુમલો કરીને તોડફોડ કરવામાં આવી હતી. જો કે, મુખ્ય મંદિરથી આશરે ૫૦૦ મીટરના અંતરે સ્થિત કચેરી પર હુમલો કરવામાં આવ્યો હતો. મામલામાં દરમિયાનગીરીની માંગ કરનાર સંગઠન તરફથી ઉપસ્થિત રહેલા વકીલે પીઠની સમક્ષ દાવો કર્યો હતો કે, હિંસાના ગાળા દરમિયાન પોલીસ કર્મચારી હથિયારોની સાથે શૂઝ પહેરીને મંદિરમાં પ્રવેશ કરી ગયા હતા જ્યારે પોલીસે કહ્યું હતું કે, ત્રીજી ઓક્ટોબરના દિવસે એક સામાજિક સાંસ્કૃતિક સંસ્થા દ્વારા લાઈનમાં દર્શન કરવાની વ્યવસ્થાના વિરોધમાં ૧૨ કલાક માટે બંધની હાકલ કરી હતી. આ ગાળા દરમિયાન મંદિર સંકુલમાં હિંસા થઇ હતી જેમાં નવ લોકો ઘાયલ થયા હતા. મંદિરના એક અધિકારીએ કહ્યું હતું કે, લાઈન લગાવીને દર્શનની વ્યવસ્થા પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવી હતી અને હવે આની સમીક્ષા કરાશે કારણ કે, સ્થાનિક લોકો અને સલાહકાર લોકો આના વિરોધ કરી રહ્યા છે.

# ગરબા સ્થળો પર વધુ મહિલા પોલીસ કર્મચારીઓ ગોઠવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧૦

અમદાવાદ શહેરમાં નવ દિવસના નવરાત્રી મહોત્સવની આજે પરંપરાગત રીતે શરૂઆત થઈ હતી. ઘરમાં અને જુદી જુદી સોસાયટીઓમાં, પોળમાં પણ માતાજીની સ્થાપના કરવામાં આવી હતી. બીજી બાજુ અમદાવાદ શહેર પોલીસે પણ તકેદારી રાખવા માટે તમામ પગલાં લીધા છે. શહેર પોલીસે તમામ રેન્કના અધિકારીઓને દશેરા સુધી ઉપલબ્ધ રહેવા માટે કહેવામાં આવ્યું છે. તાજેતરમાં જ પાકિસ્તાન સાથે સંબંધો વણસી ગયા બાદ સાવચેતી રાખવામાં આવી રહી છે. શહેર પોલીસના અધિકારીઓએ કહ્યું છે કે તેમનો મુખ્ય ઉદેશ્ય ગરબાના સ્થળોની બહાર મોટી સંખ્યામાં ટોળા એકત્રિત ન થાય તે જોવાનો રહેશે.

### પાવર પ્રોજેક્ટ માટે ૮૦૦૦ કરોડનો ખર્ચ કરાયો છે

# એસ્સાર પાવરે ૬૦૦ મેગાવોટ ક્ષમતાનું શરૂ કરેલ બીજુ યુનિટ

### મોટા પ્રોજેક્ટના બંને એકમો કાર્યરત કરી દેવામાં આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧૦

એસ્સાર પાવરે આજે મધ્યપ્રદેશ સ્થિત મહાન પાવર પ્લાન્ટનું ૬૦૦ મેગાવોટની ક્ષમતા ધરાવતું બીજું યુનિટ કાર્યરત કર્યું હતું અને તેના ૨બાય૬૦૦ મેગાવોટની ક્ષમતાના મહાન પાવર પ્લાન્ટ પ્રોજેક્ટ માટે રૂ. ૮,૦૦૦ કરોડનાં મૂડીગત ખર્ચનો કાર્યક્રમ પૂર્ણ થયો હોવાની જાહેરાત કરી હતી. પ્રોજેક્ટનાં બંને એકમો કાર્યરત થઈ ગયા છે, જે કાચો માલ મેળવવાનો અને તેને ખાલી કરવાનાં માળખા દ્વારા સપોર્ટેડ છે. બીજુ યુનિટ હાર્બિન ઈલેક્ટ્રિકે સપ્લાય કર્યું છે અને વિસ્તારમાં પિટહેડ ખાણોમાંથી સ્થાનિક કોલસાની સાથે મહત્તમ કાર્યક્ષમતા સાથે કામ કરે એવી રીતે ડિઝાઈન કરેલું છે. પ્રોજેક્ટ આશરે ૨૫૦ લોકોને સીધી રોજગારી પ્રદાન કરશે અને આશરે ૧,૨૫૦ લોકોને પરોક્ષ રોજગારી આપશે, જેથી એરિયામાં આનુષંગિક ઉત્પાદનોને વેગ મળશે. ગજરા બેહરા સાઈડિંગ દરરોજ વધુમાં વધુ ત્રણ રેકનું સંચાલન કરી શકે છે, જે મહાન પ્લાન્ટની કોલસાની જરૂરિયાત નોંધપાત્ર રીતે પૂર્ણ કરશે. પ્લાન્ટથી ફક્ત ૧૮ કિમીનાં અંતરે સ્થિત આ સાઈડિંગ પરિવહન અંતરમાં ૯૦ ટકાનો ઘટાડો કરશે તેમજ પ્રદૂષણને નિયંત્રણમાં રાખશે. વળી એનાથી પ્લાન્ટને કોલ ઈન્ડિયા અને એનસીએલની ખાણોમાંથી સ્થાનિક કોલસો મળશે તેમજ દેશનાં પૂર્વ અને પશ્ચિમનાં દરિયાકિનારા સાથે જોડાયેલ હોવાથી આયાતી કોલસો મેળવવા પણ સમક્ષ છે. ૪૦૦ કેવી ટ્રાન્સમિશન લાઈન પખવાડિયા અગાઉ કાર્યરત થઈ છે, જે સ્ટેટ ટ્રાન્સમિશન સિસ્ટમ ઓફ પાવર ગ્રિડનો ભાગ છે. એનાથી વિસ્તારમાં ૧,૮૦૦ મેગાવોટની ટ્રાન્સમિશન ક્ષમતામાં વધારો થયો છે. આ પ્રસંગે એસ્સાર પાવરનાં એક્ઝિક્યુટિવ વાઈસ ચેરમેન શ્રી પ્રદીપ મિત્તલે કહ્યું હતું કે, છેલ્લાં એક વર્ષમાં અમે ૧,૫૦૦ મેગાવોટથી વધારે કાર્યકારી ક્ષમતા અને ૪૬૫ કેએમ ટ્રાન્સમિશન લાઈનનો અમલ કર્યો છે. અમારું ધ્યાન અમારાં રોકાણ પર વળતર મેળવવા અને દેશમાં વીજળીની વધતી માગ પૂર્ણ કરવા પર તેમજ આ ક્ષેત્રમાં નોંધપાત્ર કંપની બનવા પર કેન્દ્રિત છે. હું આ પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે રાતદિવસ અથાકપણે કામ કરવા બદલ ટીમને અભિનંદન આપું છું. દરમ્યાન એસ્સારનાં ડાયરેક્ટર શ્રી પ્રશાંત રુઈયાએ જણાવ્યું હતું કે, કોલસાની રદ થયેલી ખાણો અમને ફાળવવામાં આવી હતી, જેનાથી મહાન પ્રોજેક્ટને ગંભીર અસર થઈ હતી.

એનાથી પ્રોજેક્ટમાં વિલંબ થયો છે અને ખર્ચમાં વધારો થયો છે, છતાં અમે પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે અમારું ઈક્વિટી રોકાણ બમણું કરીને રૂ. ૩,૩૦૦ કરોડ કર્યું હતું. આ તમામ અવરોધો વચ્ચે અમારાં રોકાણની કટિબદ્ધતા અને વૈશ્વિક કક્ષાની અસ્કયામતો વિકસાવવાની અમારી નીતિ દર્શાવે છે. મહાનમાં મૂડીગત ખર્ચનું ચક્ર પૂર્ણ થવાની સાથે અમે અત્યારે ૩,૮૩૦ મેગાવોટ ઉત્પાદનક્ષમતા ધરાવીએ છીએ તેમજ અન્ય ૧,૨૬૦ મેગાવોટ ઉત્પાદન ક્ષમતા માટે નિર્માણકાર્ય ચાલી રહ્યું છે તેમજ આ પ્રોજેક્ટ ઊંચું માર્જિન ધરાવતાં ટ્રાન્સમિશન સેક્ટરમાં કાર્યરત છે. અમે પાવર પોર્ટફોલિયોમાં રૂ. ૩૦,૦૦૦ કરોડથી વધારેનું રોકાણ કર્યું છે, જેમાં રૂ. ૧૦,૦૦૦ની ઈક્વિટી સામેલ છે અને અમે અત્યારે ભારતની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી વીજ ઉત્પાદક કંપનીઓમાં સામેલ છીએ.

### એક સાથે ૧૬થી વધુ સ્થળો ઉપર દરોડા પડાયા

# દિલ્હી સરકારના મંત્રી કેલાશ ગહેલાતના આવાસ ઉપર રેડ

### સત્યેન્દ્ર જૈન, મનિષ અને હવે કૈલાશ ગહેલોતની સંપત્તિ પર દરોડાને લઈને આમ આદમી પાર્ટીના કેન્દ્ર પર પ્રહારો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા. ૧૦

આવક વિભાગના અધિકારીઓએ આજે સવારે દિલ્હી સરકારના એક પ્રધાનના આવાસ પર દરોડાની કાર્યવાહી શરૂ કરતા ખળભળાટ મચી ગયો હતો. અધિકારીઓએ કહ્યુ હતુ કે વહેલી સવારથી દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આઈટી ડિપાર્ટમેન્ટના અધિકારીઓએ સરકારના પ્રધાન કૈલાશ ગહેલોત સાથે જોડાયેલા ૧૬ સ્થળો પર એક સાથે દરોડા પાડ્યા હતા. બીજી બાજુ આમ આદમી પાર્ટીના લોકોએ દરોડાની કાર્યવાહી રાજકીય પ્રેરિત હોવાનો આક્ષેપ કર્યો છે. દરોડા પાડવામાં આવ્યા બાદ એએપીએ ટ્વીટ કરીને કહ્યુહતુ કે અમે પ્રજાને સસ્તી વિજળી આપી રહ્યા છીએ. મફત પાણી આપી રહ્યા છીએ. યોગ્ય શિક્ષણ આપી રહ્યા છીએ. સરકારી સેવા ઘેર ઘેર પહોંચાડી રહ્યા છીએ. જ્યારે સરકાર સીબીઆઈ અને ઈડીનો ઉપયોગ કરીને અમારા મંત્રીઓ અને નેતાઓ પર તવાઈ લાવવા માટેના પ્રયાસ કરી રહી છે. દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલે પોતે ટ્વીટ કરીને કહ્યુ છે કે કેન્દ્ર સરકાર યોજનાપૂર્વક આ કાર્યવાહી કરી રહી છે. કેજરીવાલે કહ્યુ છે કે મોદી નીરવ મોદી, વિજય માલ્યા સાથે દોસ્તી કરી રહ્યા છે જ્યારે અમારા પર દરોડા પડાવી રહ્યા છે. સત્યેન્દ્ર જૈન, મનીષ પર અને તેમના પોતાના પર દરોડા પડાવી દેવામાં આવ્યા છે. અગાઉની દરોડાની કાર્યવાહી દરમિયાન કોઈ ચીજો મળી ન હતી. આગામી દરોડા પાડતા પહેલા દિલ્હીના લોકોની માફી માંગી લેવા માટે અપીલ કરવામાં આવી છે. આમ આદમી પાર્ટીએ કહ્યુ છે કે જનતા તમામ બાબતોને નિહાળી રહી છે. વર્ષ ૨૦૧૯માં તમામ હિસાબ એક સાથે કરવા માટે ઈચ્છુક છે. ૧૬ જગ્યાએ આજે દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અધિકારીઓના કહેવા મુજબ દિલ્હીના મંત્રી સાથે જોડાયેલી બે કંપનીઓની સામે ચોરીની તપાસ ચાલી રહી છે. ચોરીની ફરિયાદના મામલામાં આ દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

૧૬ જગ્યા પર દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડાની કાર્યવાહીમાં ૩૦થી પણ વધુ અધિકારીઓ સામેલ થયા હતા. ગહેલોત દિલ્હી સરકારમાં પરિવહન અને કાયદા અને મહેસુલી મંત્રી છે. નઝફગઢથી આમ આદમી પાર્ટીના ધારાસભ્ય તરીકે કૈલાશ ગહેલોત રહેલા છે. કૈલાશ ગહેલોતના ૧૬ સ્થળો સામે દરોડાની કાર્યવાહીથી ભારે ખળભળાટ મચી ગયો છે. એએપીના કાર્યકરો અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સરકારની ઝાટકણી કાઢી હતી.

### ૨૯મી ઓક્ટોબર સુધી ખરીદી પ્રક્રિયાની માહિતી આપવા માટે સૂચન

# રાફેલ ડિલ : ખરીદી પ્રક્રિયાની માહિતી આપવા કેન્દ્રને આદેશ

### રાફેલ ડિલને લઈને જારી વિવાદ વચ્ચે કેન્દ્ર સરકારને સૂચન : રાફેલ રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલો મુદ્દો છે અને ન્યાયિક સમીક્ષા થવી જોઈએ નહીં : કેન્દ્ર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા. ૧૦

રાફેલ ડિલ ઉપર જારી વિવાદ વચ્ચે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી ખરીદી પ્રક્રિયાના સંદર્ભમાં સંપૂર્ણ માહિતી માંગી છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર પાસેથી સીલબંધ કવરમાં એ નિર્ણયની પ્રક્રિયાની વિગત માંગી છે જેના પછી રાફેલ જેટની ખરીદીને લઇને ફ્રાંસની કંપની દેશા એવિએશન સાથે સમજૂતિ થઇ હતી. કોર્ટે કહ્યું છે કે, કેન્દ્ર સરકાર ૨૯મી ઓક્ટોબર સુધી તમામ ખરીદી પ્રક્રિયાની માહિતી આપે તે જરૂરી છે. આ મામલામાં હવે ૨૯મી ઓક્ટોબરના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવશે. કેન્દ્રીય સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામન ફ્રાંસ પહોંચી ચુક્યા છે. બીજી બાજુ આજે સુનાવણી દરમિયાન તર્કદાર દલીલો કરવામાં આવી હતી. તેમની સરકારના નિર્ણયને લઇને સુપ્રીમ કોર્ટ ખાતરી કરવા માટે ઈચ્છુક છે. વિપક્ષ દ્વારા રાફેલ જેટન કિંમતોને લઇને સરકાર પર ગંભીર પ્રકારના આરોપો કરવામાં આવી રહ્યા છે. રાફેલ સાથે સંબંધિત અરજી પર સુનાવણી કરતી વેળા સુપ્રીમ કોર્ટે નોટીસ જારી કર્યા વગર કેન્દ્ર સરકારને આ રિપોર્ટ આપવા માટે સુચના આપી છે. ચીફ જસ્ટીસ રંજન ગોગોઇ, જસ્ટીસ એસકે કૌલ અને જસ્ટીસ કેએમ જોસેફની બેંચે સ્પષ્ટતા કરતા કહ્યુ હતુ કે તે ડિફેન્સ ડીલના સંબંધમાં રાફેલ વિમાનોને લઇને કોઇ અભિપ્રાય આપી રહ્યા નથી. અમે સરકારને કોઇ નોટીસ જારી કરી રહ્યા નથી. અમે માત્ર નિર્ણય લેવાની પ્રક્રિયાની કાયદેસરતાથી સંતુષ્ટ થવા માટે ઈચ્છુક છીએ. બેંચે કહ્યુ તે રાફેલ ડીલની ટેકનિક ડીટેલ્સ અને કિંમતના સંબંધમાં માહિત મેળવ લેવા માટે ઈચ્છુક નથી. સુપ્રીમ કોર્ટનો આ આદેશ એવા સમય પર આવ્યો છે જયારે સંરક્ષણ પ્રધાન નિર્મલા સીતારામણ ત્રણ દિવસના પ્રવાસે રાત્રે ફ્રાન્સ રવાના થયા છે. તેમની આ યાત્રા ફ્રાન્સીસી કંપની દેશો એવિએશનથી ૩૬ રાફેલ વિમાનોની ખરીદીને લઇને થયેલા વિવાદ વચ્ચે આવી છે. સુત્રોએ કહ્યુ છે કે સીતારામણ જુદા જુદા પાસા પર વિચારણા કરી રહી છે. ૫૮૦૦૦ કરોડ રૂપિયાના સોદા હેઠળ ભારતીય હવાઇ દળ ફ્રાન્સ પાસેથી ૩૬ રાફેલ જેટ ખરીદનાર છે. ૨૩મી સપ્ટેમ્બર ૨૦૧૬ના દિવસે અંતિમ સોદાબાજી થઇ હતી. કેન્દ્ર સરકારે રાફેલ ડિલ ઉપર દાખલ કરેલી અરજીઓને રદ કરવાની માંગ કરી હતી. કેન્દ્ર સરકારે દલીલ કરી હતી કે, રાજકીય લાભ ઉઠાવવાના હેતુસર રાફેલ ઉપર આ પ્રકારની અરજીઓ કરવામાં આવી હતી. એટર્ની જનરલે કોર્ટ સમક્ષ કહ્યું હતું કે, રાફેલ સોદાબાજી રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલો મામલો છે. આવા મુદ્દાઓની ન્યાયિક સમીક્ષા કરી શકાય તેમ નથી. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસી નેતા અને આરટીઆઈ કાર્યકર તહસીન પુનાવાલાએ રાફેલ સોદાના સંદર્ભમાં દાખલ કરવામાં આવેલી પોતાની જાહેરહિતની અરજી પરત લઇ લીધી છે. પીઠે રાફેલ સોદાને લઇને દાખલ કરવામાં આવેલી શ્રેણીબદ્ધ અરજીઓ ઉપર સુનાવણી હાથ ધરી હતી. કોંગ્રેસે આ સોદાબાજીના મામલામાં અનિયમિતતાનો આક્ષેપ કરીને કહ્યું છે કે, કેન્દ્ર સરકાર આ સોદાબાજીને લઇને માહિતી છુપાવી રહી છે. મુખ્ય વિરોધ પક્ષનો આક્ષેપ છે કે, સરકાર ૧૬૭૦ કરોડ રૂપિયા પ્રતિની દ્રષ્ટિએ રાફેલ વિમાન ખરીદવા તૈયાર છે જયારે અગાઉની યુપીએ સરકાર આ વિમાન ૫૨૬ કરોડ રૂપિયામાં ખરીદવા માટે તૈયાર હતી.

# રૂપિયાના અવમુલ્યનની વચ્ચે સોનાની આયાત ૧૪ ટકા ઘટી

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા. ૧૦

ડોલર સામે રૂપિયાની ઉથલપાથલ વચ્ચે સપ્ટેમ્બર મહિનામાં ભારતમાં સોનાની આયાત ૧૪ ટકાથી વધુ ઘટી ગઈ છે. એક વર્ષ અગાઉની સરખામણીમાં ૧૪ ટકા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે. સપ્ટેમ્બર મહિનામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ડોલર સામે રૂપિયાની માંગ ઘટી જતાં અફડાતફડી જોવા મળી રહી છે. ભારતીય આયાતકારો તરફથી માંગમાં ઘટાડો થતાં વૈશ્વિક કિંમતોમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી હતી. કિંમતમાં આ વર્ષે હજુ સુધી વૈશ્વિક સ્તરે ૮.૮ ટકાનો ઘટાડો થયો છે. જો કે, ઓછી આયાતના પરિણામ સ્વરુપે ભારતને તેની ટ્રેડ ડેફિસિટને ઘટાડવા અને રૂપિયાને ટેકો આપવામાં મદદ મળશે. ઉંચી કિંમતોના પરિણામ સ્વરુપે સોનાની આયાત સપ્ટેમ્બર મહિનામાં ઘટી છે. જો કે, ઓગસ્ટ મહિનામાં માંગ ખુબ સારી રહી હતી. ૨૦૧૮માં ડોલર સામે રૂપિયામાં ૧૪ ટકાનો ઘટાડો થઈ ચુક્યો છે. આ સપ્તાહની શરૂઆતમાં પ્રતિ ૧૦ ગ્રામ સોનાની કિંમત ૩૧૫૩૧ની સપાટીએ રહ્યો હતો જે છેલ્લા પાંચ મહિનાના ગાળામાં સૌથી ઉંચી સપાટી હતી. ઓગસ્ટ મહિનામાં ભારતમાં સોનાની આયાત એક વર્ષ અગાઉની સરખામણીમાં બે ગણી રહી હતી. ઓક્ટોબર મહિનામાં આયાત ફરી એકવાર વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. સોનાની માંગ મુખ્યરીતે પરંપરાગત લગ્નની સિઝન અને મોટા તહેવાર વેળા વધી જાય છે. કારણ કે આ ગાળા દરમિયાન સોનાની ખરીદી વધે છે. દિવાળી-દશેરા સહિતના તહેવાર પર સોનાની માંગ વધવાના સંકેત છે. કારણ કે, સોનાની ખરીદીને આ ગાળામાં શુભ ગણવામાં આવે છે.

### ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના વળાવડ ગામના અનુસુચિત જાતિના પરમાર સોનલબેન શામજીભાઈને લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરૂ યોજના થકી નાણાકીય સહાય મળતાં રાજ્ય સરકારની મુક્ત કંઠે પ્રશંસા કરી રહ્યા છે

ભાવનગર;બુધવાર;

રાજ્ય સરકાર દ્વારા અનુસુચિત જાતિઓના કલ્યાણ અર્થે અનેક પ્રકારની સહાય યોજનાઓ અમલમાં મુકાઈ છે જેમાં અનુસુચિત જાતિઓની કન્યાના લગ્ન પ્રસંગે નાણાકીય સહાય આપવાની યોજના કુંવરબાઈનું મામેરૂ અમલમાં છે આ યોજના થકી રૂપિયા ૦૫ હજાર સુધી નિયમ અનુસાર સહાય ચુકવાતી હોય છે. ભાવનગર જિલ્લાનાં શિહોર તાલુકાનાં વળાવડ ગામના શામજીભાઈ હીરાભાઈ પરમાર ને સંતાનમાં બે પુત્ર અને ત્રણ પુત્રીઓ.

અત્યંત ગરીબ સ્થિતિના શામજીભાઈ પરમારે ગામના તલાટી કમ મંત્રીને વાત કરતાં પોતાની વેદના જણાવી કે તેઓ તેમની દિકરી સોનલના લગ્ન કરવા ઈચ્છે છે પરંતુ નાણાના અભાવે મુંઝાય છે તલાટી કમ મંત્રીએ શામજીભાઈ પરમારને રાજય સરકારની કુંવરબાઈનું મામેરૂ યોજના વિશે જણાવી શિહોર તાલુકા પંચાયત કચેરીમાં સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રી એન. ડી. મકવાણાનો સંપર્ક કરવાનું જણાવ્યુ. શામજીભાઈ પરમારે શિહોર તાલુકા પંચાયત કચેરીમાં સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રી એન. ડી. મકવાણાનો સંપર્ક કરી પોતાની આર્થિક મુંઝવણ જણાવતાં શ્રી એન. ડી. મકવાણાએ શામજીભાઈ પરમારને સ્થળ પર કુંવરબાઈનું મામેરૂ યોજનાનું ફોર્મ ભરાવી જરૂરી આધારો સાથે ભલામણ કરી અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, ભાવનગરને મંજુરી અર્થે મોકલી આપતાં આ અરજી મંજુર થઈ તા. ૨૧/૦૧/૨૦૧૮ ના રોજ સોનલબેન ના લગ્ન ભાવનગર ખાતે મીલની ચાલીમાં રહેતાં રાઠોડ દિપક બાબુભાઈ સાથે થતાં સોનલબેન કુંવરબાઈનું મામેરૂ યોજના અને રાજ્ય સરકારની મુક્ત કંઠે પ્રશંસા કરી કહે છે કે તેમના લગ્ન પ્રસંગે રાજ્ય સરકારે રૂપિયા ૦૫ હજારની સહાય કરવાથી તેમના પિતાની મુંઝવણ દુર થઈ છે.

# સરકાર નિષ્ફળતા છુપાવવા પ્રાંતવાદનું રાજકારણ રમે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,તા.૧૦

રાજયમાં ચાલી રહેલા પરપ્રાંતિય પલાયનના મુદ્દે રાજકારણ ગરમાયું છે. ખાસ કરીને યુપી અને બિહારના લોકો ગુજરાતમાંથી પલાયન થઇ રહ્યા છે. આ મુદ્દે ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, જાતિ, ભાષા, ધર્મ અને પ્રાંતની સરહદો જોડનાર ગાંધી અને સરદારના ગૌરવવંતા ગુજરાતમાં દૂધમાં સાકર ભળે એમ સમગ્ર દેશના વિવિધ રાજ્યો ઉત્તરપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ વિગેરેમાંથી લોકો આજે વસી રહ્યા છે. ગુજરાતના વેપાર, ઉદ્યોગ વગેરેને બળ પૂરું પાડનાર પરપ્રાંતીયો આજે બેરોજગારીના કારણે રાજ્યમાંથી પલાયન થઈ રહયા છે. ત્યારે તમામ મોરચે નિષ્ફળ નીવડેલ ભાજપ સરકાર રાજ્યના વિવિધ વર્ણ અને વર્ગના અસંતોષને ખાળવામાં નિષ્ફળ નીવડી છે. પરપ્રાંતીઓને રોજગાર આપવામાં પણ ભાજપ સરકાર નિષ્ફળ નીવડી છે, જેના પરિણામે સરકારના મળતિયાઓ મારફત પ્રાંતવાદનું ઝેર ઘોળીને વર્ગવિગ્રહના ષડ્યંત્રથી સમગ્ર વિશ્વમાં ફેલાયેલ ગુજરાતીઓ ઉપર જીવનું જોખમ ઉભું કર્યું છે. જાતિ, ભાષા, ધર્મ અને પ્રાંતની સરહદો જોડનાર ગાંધી અને સરદારના ગૌરવવંતા ગુજરાતમાં આપણે સહુએ શાંતિ અને સંયમ જાળવવો જોઈએ તેવો અનુરોધ પણ ધાનાણીએ કર્યો હતો. વિપક્ષના નેતા ધાનાણીએ વધુમાં જણાવ્યું હતુ કે, છેલ્લા ૨૨ વર્ષથી રાજ્યમાં શાસન કરતી ભાજપ સરકારે રાજ્ય અને રાષ્ટ્રના યુવાનોની ઈચ્છાને અવગણીને મુઠ્ઠીભર માણસોના ખિસ્સા ભરવા માટે શાસનના દરવાજા સરકારી તિજોરીના દરવાજા ખુલ્લા મૂક્યા. આવી સરકારને ટકાવવા-બચાવવા માટે ચૂંટણી પહેલા, ચૂંટણી સમયે અને ચૂંટણી પછી ઠાકોર સેનાના પ્રમુખ અલ્પેશ ઠાકોર સાથે રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ભાજપના નેતાઓએ વારંવાર સંવાદ સ્થાપી ભાજપમાં જોડવા માટે નિષ્ફળ પ્રયાસ કર્યો. કોંગ્રેસ પક્ષમાંથી ચૂંટાયેલા જનપ્રતિનિધિ એવા અલ્પેશ ઠાકોરને આજદિન સુધી ક્યાંક લાલચના દાણા ફેંક્યા, પછી એને ડરાવવામાં આવ્યા, પછી એને સત્તાના બળે ધમકાવવામાં આવ્યા, એમ છતાં જાતિ, ભાષા, ધર્મ અને પ્રાંતના સીમાડાઓને તોડનારી એક વિચારધારાના સિપાઈ તરીકે અલ્પેશ ઠાકોરે ગત અઠવાડિયે એ કોંગ્રેસમાં હતા, છે અને રહેવાના છે એવી જાહેરાત કરતાં અલ્પેશ ઠાકોર નામની દ્રાક્ષ આજે ખાટી લાગવા માંડી છે. ઠાકોર સેનામાં ભાજપના મળતિયાઓ મારફત ગુજરાતમાં પ્રાંતવાદનું ઝેર ઘોળીને ચૂંટાયેલા જનપ્રતિનિધિને તોડવાનો નિરર્થક પ્રયાસ કર્યો છે. ગુજરાતની આબરૂને કલંક લગાડવાનું કામ સત્તામાં બેઠેલા લોકોએ કર્યું હોવાનો આક્ષેપ પણ ધાનાણીએ કર્યો હતો.

### જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે મુખ્ય કાર્યક્રમની વિધિવત શરૂઆત થઈ

# નવરાત્રી ઉત્સવની પરંપરાગતરીતે ભવ્ય શરૂઆત : ખેલૈયાઓ તૈયાર

### અમદાવાદ શહેરના બધા પાર્ટી પ્લોટ, ક્લબો અને શેરીઓમાં ગરબાનું વિશેષ આયોજન કરાયું : આગામી ૯ દિવસ સુધી ગરબાની ભારે ધૂમ જોવા મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧૦

અમદાવાદ સહિત ગુજરાતમાં નવરાત્રિ ઉત્સવની આજે પરંપરાગતરીતે શરૂઆત થઇ હતી. હવે નવ દિવસ સુધી નવરાત્રિ ઉત્સવની ધૂમ રહેશે. અમદાવાદમાં મુખ્ય કાર્યક્રમ જીએમડીસી ખાતે આયોજિત કરવામાં આવ્યું છે. આજે સાંજે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નવરાત્રિ મહોત્સવની શરૂઆત કરાવી હતી. આ પ્રસંગે ગુજરાત કેબિનેટના અનેક પ્રધાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. વિજય રૂપાણી પ્રથમ દિવસે આરતી કરીને આની શરૂઆત કરાવી હતી. ઉદ્‌ઘાટન પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગુજરાત કેબિનેટના અન્ય પ્રધાનો ઉપસ્થિત રહ્યા હતા. આ વખતે છત્તીસગઢથી પણ અહીં કલાકારો પહોંચ્યા છે. નવરાત્રિ ઉત્સવની શરૂઆત થયા બાદ હવે દરરોજ રાત્રે નવ કલાકથી મધ્યરાત્રિ સુધી શેરી ગરબા પણ યોજાશે. આ વર્ષે થીમ પેવેલિયનમાં રાજયના વિવિધ આકર્ષણો પ્રદર્શિત કરાયા છે. ઉપરાંત છત્તીસગઢથી ક્રાફ્ટ સ્ટોલ અને ફુડ સ્ટોલની વ્યવસ્થા કરાઈ છે. ૭૫ જેટલા ક્રાફ્ટ સ્ટોલ મુકાયા છે. રાત્રે ૧૧.૪૫ વાગે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૦૧૭માં નવરાત્રિ ઉત્સવમાં ભાગ લેનારની સંખ્યા વધીને ૬.૫૦ લાખ સુધી પહોંચી હતી. અદાવાદના વાયએમસીએ ખાતે પણ રઢિયાળી રાત નવરાત્રિ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જુદા જુદા આકર્ષણો ઉમેરવામાં આવ્યા છે. દરરોજ જાણીતા ઓરકેસ્ટ્રા વિશેષ ટેલેન્ટ સાથે સ્ટેજ ઉપર લાઈવ પરફોર્મ કરનાર છે. કલ્ચરલ ગ્રુપ, પ્રોફેશનલ ગરબા ગ્રુપ, ટ્રેડિશનલ ડાન્સરો દરરોજ પરફોર્મ કરનાર છે. સંપૂર્ણપણે સુવિધાજનક પાર્કિંગની પણ વ્યવસ્થા કરાઈ છે. અમદાવાદ શહેરની તમામ મોટી સોસાયટીઓ અને મોટા વિસ્તારમાં સાર્વજનિક નવરાત્રી કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ વખતે મોટાપાયે ચકાસણીની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે. નવરાત્રી ઉત્સવને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા માટે વિશેષ આયોજન પોલીસ દ્વારા પણ કરવામાં આવ્યું છે. દર વર્ષની જેમ જ આ વર્ષે પણ મુખ્ય કાર્યક્રમ જીએમડીસી ગ્રાઉન્ડ ઉપર કરવામાં આવ્યું છે. આજે જીએમડીસી ગ્રાઉન્ડ પર નવરાત્રિ ઉત્સવની મોડી સાંજે પરંપરાગત રીતે શરૂઆત કરવામાં આવી હતી. જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે જુદા-જુદા આકર્ષણો રાખવામાં આવ્યા છે. આજે સાંજે મુખ્ય કાર્યક્રમની શરૂઆત થઈ ગઈ હતી. ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ નજીક હેલ્મેટ સર્કલ ખાતે આ કાર્યક્રમની વિધિવત શરૂઆત કરાઈ હતી. આજથી શરૂ થયેલા નવરાત્રી ઉત્સવ દરમિયાન ખેલૈયાઓ ઉપર પણ ડ્રોન દ્વારા ચાંપતી નજર રાખવામાં આવશે. શહેર પોલીસ નવરાત્રી ઉત્સવને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા સંપૂર્ણ રીતે તૈયાર છે. વસ્ત્રાપુર જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે દર વર્ષે નવરાત્રી મહોત્સવનો કાર્યક્રમ થાય છે ગ્રાઉન્ડ પર નાઈટ વિઝનના સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા છે. પોલીસ ખાનગી ડ્રેસમાં તૈનાત રહેશે. નવરાત્રી ઉત્સવની રાજ્યભરમાં આજે પરંપરાગત રીતે શરૂઆત થઈ હતી. નવરાત્રી ઉત્સવની નવ દિવસ સુધી ધૂમ રહેનાર છે. અમદાવાદીઓ હાલમાં જોરદાર ખરીદીના મૂડમાં દેખાઈ રહ્યા છે. મોટાભાગના ગરબા આયોજકો દ્વારા પણ શાનદાર તૈયારી કરી લેવામાં આવી છે. આજે નવરાત્રિ ઉત્સવની શરૂઆત થયા બાદ હવે નવ દિવસ સુધી નવરાત્રીની ધૂમ રહેશે. યુવક-યુવતિઓ માટે આ પ્રસંગ સૌથી મોટા પ્રસંગ તરીકે હંમેશા રહે છે. યુવક-યુવતિઓ દ્વારા પહેલાથી જ નવરાત્રી ઉત્સવ દરમિયાન તેની ઉજવણી કરવા વિશેષ ખરીદી કરવામાં આવી ચુકી છે. બજારો પણ ઘણા દિવસોથી ભરચક હતા. માં અંબાની સ્થાપના ઘરમાં પણ કરવામાં આવનાર છે. ઉત્તમ ફળ કઈ રીતે મળે તે માટે પણ પુજારીઓ દ્વારા ધાર્મિક વિધી કરવામાં આવતી હોય છે. શહેરની જુદી જુદી જગ્યાઓ, પાર્ટી પ્લોટમાં, ક્લબમાં, સોસાયટીઓમાં આયોજનમાં આયોજકો વ્યસ્ત રહ્યા હતા. માતા અંબાની પૂજા આ નવ દિવસ દરમિયાન કરવામાં આવે છે. આ વખતે નવરાત્રી ઉત્સવ દરમિયાન કેટલાક થીમ પણ વિશેષ રીતે તૈયાર કરવામાં આવ્યા છે. નવરાત્રી પહેલાં યુવા પેઢીને વિવિધ ડાન્સ સ્ટેપ શીખવાડવા માટે પણ ઘણા ક્લાસીસ ચાલી રહ્યા હતા.શહેર પોલીસ કમિશનર દ્વારા જારી કરવામાં આવેલા જાહેરનામા મુજબ લાઉડ સ્પીકરના ઉપયોગ માટેની મહેતલને હળવી કરી છે અડધી રાત બાદ પણ રેસ્ટોરન્ટ અને હોટલો ખુલ્લી રહેવાની વાત કરવામાં આવતા ખેલૈયાઓ મોડી રાત સુધી રંગત માણી શકશે.શહેરના અન્ય સ્થળો એ યોજાનારા ગરબા સ્થળો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. શહેર પોલીસ દ્વારા પાર્ટીપ્લોટમાં થનારા ગરબામાં આયોજકોને સિક્યોરીટી અંગે ખાસ ધ્યાન દોરવાઈ છે. શહેરમાં ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે પણ ખાસ ધ્યાન દોરવાઈ રહ્યું છે. તેમજ સુચનાઓ પણ અપાઈ છે. ગરબા આયોજકો ગરબાને સ્થળે ખાનગી સિક્યોરીટી તેમજ સીસીટીવી કેમેરા લગાવવા સુચના અપાઈ હતી. મહિલા પોલીસ દ્વારા ગરબાના સ્થળોએ સતત પેટ્રોલીંગ કરવાના આદેશ અપાયા છે.

### સલમાનની નવી ફિલ્મમાં નૂતનની પૌત્રી પ્રણુતન હશે

મુંબઇ,તા. ૧૦

સલમાન ખાનની પ્રોડક્શન કંપની પોતાની આગામી ફિલ્મ બનાવવાની તૈયારી કરી ચુકી છે. આ ફિલ્મમાં સલમાન ખાનની પ્રોડક્શન કંપની અભિનેત્રી નૂતનના પુત્ર મોહનીસ બહલની પુત્રી પ્રણુતનને લોંચ કરવાની તૈયારીમાં છે.

આ ફિલ્મમાં અભિનેતા તરીકે ઝહીર ઈકબાલ કામ કરશે. મોહનીસ બહલ સલમાન ખાન સાથે અનેક ફિલ્મોમાં કામ કરી ચુક્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ આ ફિલ્મનું નામ હાલમાં નોટબુક રાખવામાં આવ્યું છે પરંતુ તેને બદલવામાં પણ આવી શકે છે. મળેલી માહિતી મુજબ ફિલ્મનું શૂટિંગ કાશ્મીરમાં કરવામાં આવશે.

### ફરિયાદ છતાં ઉદાસીનતા દર્શાવવામાં આવી હતી

# પેપર લીકના મામલે મોટા માથાને બચાવી લેવાયા છે

### રાજ્યવ્યાપી કૌભાંડમાં સરકાર તટસ્થ તપાસ કેમ કરાવતી નથી : કોંગ્રેસ પ્રવક્તા મનિષ દોશી દ્વારા વેધક પ્રશ્ન કરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,તા.૧૦

માધ્યમિક શિક્ષકોની ટાટ પરીક્ષા તા. ૨૯.૦૭.૨૦૧૮ના રોજ સમગ્ર રાજયના વિવિધ પરીક્ષા કેન્દ્રો પર યોજાઈ હતી. આ પરીક્ષાનું પ્રશ્નપત્ર સમય પહેલા એટલે કે, વહેલી સવારથી જ સોશ્યલ મીડિયાના માધ્યમથી ફરતું થયું હોવાની વ્યાપક ફરિયાદ મળી હતી. આ અંગે પરીક્ષાર્થીઓએ તથા જાગૃત નાગરિકો અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ પરીક્ષાનું આયોજન કરતાં રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષ, મુખ્યમંત્રી અને મુખ્ય સચિવને તા. ૦૮.૦૮.૨૦૧૮ના રોજ પત્ર લખી તટસ્થ તપાસ માટે માંગણી હતી. રાજયના હજારો યુવાન-યુવતીઓ કે જેમને ટાટની પરીક્ષા આપી હતી તેઓએ વારંવાર રાજય પરીક્ષા બોર્ડમાં અને શિક્ષણ વિભાગમાં વ્યાપક પણે ગેરરીતી અંગે રજુઆત કરી જેના પરીણામે ૭૦ દિવસ પછી અરવલ્લી પોલીસે તપાસ કરીને પેપર ફુટી ગયાનું સંપૂર્ણ સત્ય જણાતા એફઆઈઆર નોંધીને ગુન્હોં દાખલ કરેલ છે. પરિણામે, ટાટની પરીક્ષા રદ કરવાની શિક્ષણ વિભાગને ફરજ પડી છે. માધ્યમિક શિક્ષકોની ટાટ પરીક્ષાના પેપર લીકની ઘટનાથી મહેનત કરીને શિક્ષણ તરીકે પ્રમાણિક પ્રયત્નોથી કારકિર્દી ઘડવા માંગતા હજારો યુવાન-યુવતીઓમાં નિરાશા વ્યાપી ગઈ છે. ટેટ-ટાટની પરીક્ષામાં ગેરરીતી અંગે વારંવાર ફરિયાદો મળી રહી છે. જે ઘણી જ ગંભીર બાબત છે અનેક યુવાન-યુવતી કે જેઓ પરીક્ષા આપેલ છે તેઓએ પેપર લીક પાછળ લાખો રૂપિયાના નાણાકીય વ્યવહારની ફરિયાદો કરી છે. ટાટની પરીક્ષાનું પેપર ૫ લાખથી ૮ લાખમાં વેચાયાની અનેક જગ્યાએથી મોબાઈલ નંબર સાથે ડીટેઈલ ફરિયાદ છતાં હજુ સુધી કોઈ પગલાં ભરાયા નથી. વર્ષ ૨૦૧૪માં ૧૫૦૦ તલાટીની ભરતીમાં કરોડો રૂપિયાનું કૌભાંડ થયું હતું અને વ્યાપક ફરિયાદ બાદ ૪ જુલાઈ, ૨૦૧૫ના રોજ ભાજપ સરકારને ના છૂટકે ભરતી રદ કરવાની ફરજ પડી હતી. રાજયમાં ગૌણ સેવા પસંદગી મંડળ અને પંચાયત સેવા પસંદગી મંડળમાં છેલ્લા ૧૦ વર્ષમાં મોટા પાયે આર્થિક વ્યવહારથી ભરતીમાં કૌભાંડો આચરવામાં આવ્યા છે.

# અલ્પેશના ઉશ્કેરણીજનક નિવેદનથી સ્થિતિ વણસી

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,તા.૧૦

ઠાકોર સેના અને ઓ.બી.સી. એકતા મંચની પત્રાકાર પરિષદમાં રાજયની ભાજપા સરકાર અને નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલ પર કરાયેલા આક્ષેપો અને વિધાનોને વરિષ્ઠ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્પષ્ટ શબ્દોપમાં વખોડી તીવ્ર આલોચના કરતા જણાવ્યું છે કે, ભાગલા પાડો અને રાજ કરોની નીતિ વાસ્તિવમાં કોંગ્રેસની છે, ભાજપની નહીં. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ભેદભાવની નિતી અપનાવે છે તેવા ઠાકોર સેના અને ઓ.બી.સી. એકતા મંચના આક્ષેપોનો જવાબ આપતા ચુડાસમાએ જણાવ્યું છે કે, નીતિન પટેલ રાજયના તમામ સમાજના આગેવાન છે. તેઓ સૌને સાથે લઈને ચાલનારા પરિપકવ નેતા છે. વર્ગવિગ્રહ કરાવી તેઓ મુખ્યમંત્રી બનવા માંગે છે, તેવા ઠાકોર સેના અને ઓ.બી.સી. એકતા મંચના આક્ષેપો સદંતર ખોટા અને પાયાવિહોણા છે. વાસ્તવમાં હિંસા કોણ ભડકાવે છે તે રાજયની જનતા જાણે છે. પોલીસ તપાસમાં જેમના નામો બહાર આવ્યા છે તેનાથી સૌ વાકેફ છે ત્યારે ઠાકોર સેના અને ઓ.બી.સી. એકતા મંચના આક્ષેપો સદંતર પાયાવિહોણા છે. પરપ્રાંતિય લોકોની રોજગારીના સંદર્ભમાં કરાયેલા આક્ષેપોના જવાબમાં ચુડાસમાએ જણાવ્યું હતું કે, ભારતના પ્રત્યેક નાગરિકને દેશના કોઈપણ રાજયમાં રોજગારી મેળવવાનો અધિકાર છે અને તે મુજબ વાઈબ્રન્ટ ગુજરાતમાં છેલ્લા વર્ષોમાં વધતા જતા ઉદ્યોગોના કારણે સ્થાનિક યુવાનોને રોજગારી મળે છે

### મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઘાયલ પણ થયા

# યુપી : ન્યુ ફરક્કા એક્સપ્રેસ ખડી પડતા ૭નાં મોત થયા

## ઘાયલ થયેલા પ્રવાસી પૈકી નવની હાલત ખુબ જ ગંભીર હોવાથી મોતનો આંકડો વધશે : રાયબરેલી નજીક દુર્ઘટના

(સંપૂર્ણ સમાચાર સેવા)
રાયબરેલી,તા. ૧૦

ઉત્તરપ્રદેશના રાયબરેલીમાં આજે વહેલી પરોઢે ન્યુ ફરક્કા એક્સપ્રેસ ટ્રેનના છ બોગી પાટા પરથી ખડી પડતા ઓછામાં ઓછા સાત લોકોના મોત થઇ ગયા હતા અને ૩૦થી વધારે લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા લોકો પૈકી નવની હાલત ખુબ ગંભીર જણાવવામાં આવી છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. આ દુર્ઘટના રાયબરેલીના હરચંદપુર સ્ટેશન નજીક બની હતી. મૃત્યુ પામેલા લોૈમાં એક મહિલા અને એક બાળક પણ સામેલ છે. બચાવ અને રાહત કામગીરીમાં સ્થાનિક લોકોની સાથે પોલીસ અને રાહત ટીમ પણ જોડાઇ હતી. આજે સવારે હરચંદપુરથી આશરે ૫૦ મીટરના અંતરે સ્થિત વિસ્તારમાં ન્યુ ફરક્કા એક્સપ્રેસ ટ્રેન પાટા પરથી ખડી પડી હતી. જેના કારણે ભારે અંધાધુંધી ફેલાઇ ગઇ હતી. લોકો બુમો પાડતા ચારેબાજુ ભાગતા નજરે પડ્યા હતા. આસપાસના લોકો તરત જ સ્થળ પર પહોંચી ગયા હતા અને બચાવ અને રાહત કામગીરીમાં જોડાયા હતા. આ ટ્રેન માલદાથી રાયબરેલી થઇને દિલ્હી જઇ રહી હતી. ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે દુર્ઘટના અંગે દુખ વ્યક્ત કરીને તપાસના આદેશ જારી કર્યા છે. સાથે સાથે બચાવ અને રાહત કામગીરીને ઝડપી કરવા માટે પણ આદેશ જારી કર્યા છે. રાયબરેલીમાં ટ્રેન અકસ્માતના મામલે મૃતકોના પરિવારના સભ્યોને વળતર આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે. યોગી આદિત્યનાથે કહ્યુ છે કે મૃતકોના પરિવારના સભ્યોને બે બે લાખ રૂપિયા



આપવામાં આવનાર છે. ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોના પરિવારને ૫૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવી છે. લખનૌ અને વારાણસીથી એનડીઆરએફની ટીમ પણ પહોંચી ચુકી છે. સ્થાનિક પોલીસ અને એમ્બુલન્સ પણ પહોંચી ચુકી છે. રેલવે બોર્ડના ચેરમેન અશ્વિની લોહાની પણ ઘટનાસ્થળે જવા માટે રવાના થયા છે.દેશના નિયમત ગાળામાં ટ્રેન અકસ્માતો થતા રહે છે. હાલના વર્ષોમાં અનેક મોટી ટ્રેન દુર્ઘટના થઇ ચુકી છે. ભારતમાં મોટી સંખ્યામાં લોકો દરરોજ ટ્રેનમાં મુસાફરી કરે છે. ટ્રેનમાં સુવિધાને સુધારી દેવાના પ્રયાસો મોટા પાયે કરવામાં આવ્યા છે અને તેનો લાભ પણ યાત્રીઓને થઇ રહ્યો છે પરંતુ આગામી દિવસોમાં હજુ પણ વધારે ધ્યાન આપવાની જરૂર છે. કારણ કે ટ્રેનના ટ્રેકના સંબંધમાં હમેંશા પ્રશ્નો થતા રહે છે.

### પાટા પરથી ખડી પડવાના ૫૩ ટકા અકસ્માત

# માત્ર પાંચ વર્ષમાં ૫૮૬ ટ્રેન અકસ્માતો થયા છે : રિપોર્ટ

## નવેમ્બર ૨૦૧૪ બાદ ૨૦ ટ્રેન દુર્ઘટનાઓ સર્જાઈ ચુકી છે : વર્ષે ૨૦૧૭માં પણ અનેક મોટી દુર્ઘટનાઓ સર્જાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)
રાયબરેલી,તા. ૧૦

ઉત્તરપ્રદેશના રાયબરેલીમાં આજે વહેલી પરોઢે ન્યુ ફરક્કા એક્સપ્રેસ ટ્રેનના છ બોગી પાટા પરથી ખડી પડતા ઓછામાં ઓછા સાત લોકોના મોત થઇ ગયા હતા અને ૩૦થી વધારે લોકો ઘાયલ થયા હતા. ભારતમાં માત્ર છ વર્ષના ગાળામાં જ ૫૯૦થી વધારે અક્સમાતો થયા છે. એવું જાણવા મળ્યું છે કે, છેલ્લા છ વર્ષના ગાળામાં ૫૯૦ ટ્રેન અકસ્માતો થઇ ચુક્યા છે જે પૈકી પાટા પરથી ખડી પડવાના કારણે ૫૩ ટકા ટ્રેન દુર્ઘટના સર્જાઈ છે. છતાં રેલવે તંત્ર દ્વારા સુરક્ષાના નામ ઉપર ઓછા પગલા લેવાયા છે. રેલવે તંત્રને અપગ્રેડ કરવા અને આવા બનાવોને રોકવા માટે શ્રેણીબદ્ધ પગલાઓની ઘોષણા સતત થતી રહી છે પરંતુ અકસ્માતોનો દોર જારી રહ્યો છે. આજે બુધવારે સવારે પણ ન્યુ ફરક્કા એક્સપ્રેસ પાટા પરથી ખડી પડી હતી. તે પહેલા ઉત્તરપ્રદેશમાં મુઝફ્ફરનગર નજીક ઉત્કલ એક્સપ્રેસના ૧૪ કોચ પાટા પરથી ખડી પડ્યા હતા. નવેમ્બર ૨૦૧૪ બાદથી ૨૦ રેલવે અકસ્માતો થઇ ચુક્યા છે જે પૈકી કેટલાક નજીવા અકસ્માતો થયા છે. ૨૦મી નવેમ્બર ૨૦૧૬ના દિવસે મોટી ટ્રેન દુર્ઘટના સર્જાઈ હતી. એ વખતે ઈન્દોર-પટણા એક્સપ્રેસ કાનપુર નજીક ખડી પડતા ૧૫૦ના મોત થયા હતા અને ૧૫૦ લોકો ઘાયલ થયા હતા. મધ્યપ્રદેશમાં ચોથી ઓગસ્ટ ૨૦૧૫ના દિવસે ટ્વીન રેલવે દુર્ઘટના થઇ હતી તે દિવસે વારાણસી તરફ આવી રહેલી કામખ્યા એક્સપ્રેસ પાટા પરથી ખડી પડી હતી. ત્યારબાદ જનતા એક્સપ્રેસ પણ દુર્ઘટનાગ્રસ્ત થઇ હતી જેમાં બંને બનાવને ગણીને ૩૧ લોકોના મોત થયા હતા અને ૧૦૦ લોકો ઘાયલ થયા હતા. ૨૫મી મે ૨૦૧૫ના દિવસે ઉત્તર પ્રદેશમાં રોરકેલા-જમ્મુતવી દુર્ઘટનાગ્રસ્ત થઇ હતી.

# એમેઝોન પ્રાઈમ વિડીયો અને એક્સેલ એન્ટરટેઈનમેન્ટની મિર્ઝાપુરનું ટીઝર રિલીઝ થયું

એમેઝોન પ્રાઈમ વીડિયો એક નવી વેબ સિરીઝ લઈને આવી રહ્યું છે. એમેઝોન પર રિલીઝ થનારી આ નવી વેબસિરીઝનું નામ છે મિર્ઝાપુર. મિર્ઝાપુરનું ટીઝર લોન્ચ થઈ ચૂક્યુ છે. અને ટીઝર જોઈને જ આખી વેબ સિરીઝ કેવી હશે તેનો અંદાજ લગાવી શકાય છે.એમેઝોન પ્રાઈમ વીડિયો અને એક્સલ એન્ટરટેઈનમેન્ટની આ સિરીઝમાં મિર્ઝાપુરની સ્ટોરી




દર્શાવાઈ છે. મિર્ઝાપુર દિલધડક એક્શન સાથે કાયદાનાલીરા ઉડાડતી જગ્યા છે, જ્યાં નિયમ ફક્ત કાલીન ભૈયાના જ ચાલે છે. વેબ સિરીઝમાં કાલીન ભૈયાના રોલમાં મશહૂર એક્ટર પંકજ ત્રિપાઠી છે.મિર્ઝાપૂરના ટીઝરમાં હથિયાર અને બારુદનો ખુલ્લેઆમ ચાલતો ધંધો દર્શાવાયો છે. તો ટીઝરના ડાઈલોગ્સ અત્યારથી જ વેબસિરીઝ વિશેની ઉત્સુક્તા વધી રહ્યા છે. ટીઝરમાં જ કાલીન ભૈયા કહે છે કે, યા તો આપ ઉનકે સાથ હૈ, યા તો ઉનકે ખિલાફ. નીચે ક્લિક કરીને જુઓ ટીઝર .આખરે આ 'કાલીન ભૈયા' કોણ છે?

# ભારે વિરોધ વચ્ચે સ્કુલોમાં નવરાત્રિ વેકેશનનો પ્રારંભ

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧૦

છેલ્લા એક મહિનાથી ચાલી રહેલી અને વિદ્યાર્થીઓની અવઢવ, મૂંઝવણની પરિસ્થિતિ અને વિવાદોની વચ્ચે આજથી શહેરની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં નવરાત્રીનું વેકેશન પડી ગયું છે. નવરાત્રી વેકેશન દરમિયાન શહેરની ૧૬૮૧ શાળાઓમાં શિક્ષણકાર્ય આજથી નવ દિવસ માટે બંધ રહેશે. શિક્ષણાધિકારી કચેરી શિક્ષણ વિભાગના આદેશનું પાલન કરાવવા માટે મક્કમ છે. બીજીબાજુ, રાજય સરકારના નવરાત્રિ વેકેશનના નિર્ણયનું જે શાળાઓ પાલન નહી કરે તેવી શાળાઓ વિરૂદ્ધ આકરી કાર્યવાહી કરવાની સરકારે ચીમકી ઉચ્ચારી હોવાથી શિક્ષણવિભાગ આ બાબતે પણ ચાંપતી નજર રાખી રહ્યું છે. અગાઉ ગુજરાત બોર્ડ સિવાયની શાળાઓ કે જે વેકેશનનો વિરોધ કરતી હતી તેવી શાળાઓ તો ઠીક સીબીએસઈની કેટલીક શાળાઓએ પણ વેકેશન જાહેર કરી દીધું છે. આ અંગે પ્રાથમિક શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું કે આજે અમદાવાદ શહેરની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓમાં નવરાત્રિનું વેકેશન પડી ગયું છે. કોઈપણ શાળામાં શિક્ષણકાર્ય ચાલુ હોય કે ખુલ્લી હોય તેવી ફરિયાદ અમને અત્યાર સુધી મળી નથી. દરેક શાળાઓ તા.૧૮ ઓક્ટોબર સુધી બંધ રહેશે. કેટલીક ખાનગી શાળાઓ આજે ખુલ્લી હોવાની માહિતી હોવા બાબતે અમદાવાદ શહેર ખાનગી શાળા સંચાલક મંડલના પ્રમુખ ધીરેનભાઈ વ્યાસે જણાવ્યું હતું કે કદાચ ટૂંકા સમય માટે નવરાત્રી સેલિબ્રેશન હોય કે પરીક્ષા હોય તો શાળા ખુલ્લી હશે, પરંતુ અમારી પાસે આવી કોઈ ફરિયાદ કે માહિતી આવી નથી. વિદ્યાર્થીઓનું પરીક્ષા ટાણે શિક્ષણકાર્ય અત્યારે બગડશે, પરંતુ સરકારી આદેશ હોઈને તેનું પાલન કરવું જરૂરી હોઇ તમામ ખાનગી શાળાઓ વેકેશનના આદેશનું પાલન કરશે તેવી આશા છે. જો કે, સરકાર અને શિક્ષણવિભાગના અધિકારીઓ શાળાઓ પર ચાંપતી નજર રાખીને બેઠા છે અને કઇ કઇ શાળાઓ વેકેશનના નિર્ણયનું પાલન નથી કરી રહી તેની પર નજર રખાઇ રહી છે. જો આવી કોઇ ફરિયાદ ધ્યાનમાં આવશે તો, સરકારને રિપોર્ટ કરાશે અને ત્યારબાદ આગળની કાર્યવાહી થશે.

**૧૬૮૧ શાળાઓમાં નવ દિવસ શિક્ષણકાર્ય બંધ : શિક્ષણ વિભાગ વેકેશનના નિર્ણયનો અમલ કરાવવા માટે મક્કમ**

### હુમલાના મામલે માનવ અધિકાર પંચ હરકતમાં

# માનવ અધિકાર પંચની મુખ્ય સચિવ અને ડીજીપીને નોટિસ

## પરપ્રાંતિયો પર હુમલાના પ્રકરણમાં ૨૦ દિવસમાં જરૂરી હેવાલ રજૂ કરવા માનવ અધિકાર આયોગે કરેલું ફરમાન

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧૦

રાજયમાં હાલ ઉત્તર ભારતીયો સહિત પરપ્રાંતીયો પર થઈ રહેલા હુમલા મામલે હવે માનવ અધિકાર પંચ પણ સક્રિય થયું છે અને હરકતમાં આવ્યું છે. ઘટનાના આઠ દિવસ બાદ હવે ગુજરાત રાજય માનવ અધિકાર આયોગે રાજયના મુખ્ય સચિવ જે.એન.સિંઘ અને રાજયના પોલીસ વડા શિવાનંદ ઝાને નોટિસ પાઠવી છે. તેની સાથે સાથે અમદાવાદ શહેર પોલીસ કમિશનરને પણ નોટીસ જારી કરવામાં આવી છે. પરપ્રાંતીયો પર હુમલાના સમગ્ર મામલે માનવ અધિકાર પંચે ૨૦ દિવસની અંદર સંપૂર્ણ વિગતો સાથેનો તપાસ અહેવાલ રજૂ કરવાનો આદેશ આપ્યો છે. પરપ્રાંતીયો પર હુમલાના પ્રકરણમાં હવે ગુજરાત રાજય માનવ અધિકાર આયોગની લાલ આંખને પગલે રાજય સરકાર અને પોલીસ સત્તાધીશો પણ દોડતા થયા છે અને સમગ્ર વિવાદ અને મામલો થાળે પાડવા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે અને પ્રયાસો કરી રહ્યા છે. આજે પણ અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા સહિતના સ્થળોએ પોલીસ તંત્ર દ્વારા સ્થાનિક પરપ્રાંતીય લોકોના એસોસીએશન સાથે ચર્ચા વિચારણા કરી તેઓને સુરક્ષા અને સલામતીની ખાતરી આપી હતી. તો, સાથે સાથે અમદાવાદ શહેર સહિત રાજયના જુદા જુદા સ્થળોએથી પરિવાર સાથે હિજરત કરી ગયેલા પરપ્રાંતીય લોકોને પરત લાવવાના ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં પરપ્રાંતીયો પરના હુમલાઓ મામલે ડીજીપી શિવાનંદ ઝાએ અગાઉ મીડિયા સમક્ષ નિવેદન આપ્યું હતું કે, પરપ્રાંતીય હુમલાની ઘટનાઓ ચલાવી લેવામાં નહીં આવે, પરપ્રાંતીય લોકો કામ કરતા હોય તે સ્થળે સુરક્ષામાં વધારો કરવામાં આવશે. તોફાની તત્વો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે અને સોશિયલ મીડિયામાં ઉશ્કેરણીજનક પોસ્ટ પર પોલીસ ચાંપતી નજર રાખી રહી છે. જ્યારે રાજયના મુખ્ય સચિવ જે.એન.સિંઘે પણ આ ઘટનાને ગંભીરતાથી લઈ તમામ જિલ્લા કલેક્ટરો અને જિલ્લાના પોલીસ અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગ કરી હુમલાઓ અટકાવવા અને કડક પગલા ભરવાની સૂચનાઓ આપી હતી. હવે રાજય માનવ અધિકાર પંચે રાજયના મુખ્ય સચિવ, ડીજીપી અને શહેર પોલીસ કમિશનરને નોટિસ જારી કરતાં સમગ્ર મામલો ગરમાયો છે.

### સ્કુલ-કોલેજોને બંધ રાખવા માટેના આદેશ જારી

# ઓરિસ્સા-આંધ્રમાં તિતલી તોફાનનું સંકટ : તંત્ર સજ્જ

(સંપૂર્ણ સમાચાર સેવા)
ભુવનેશ્વર, તા. ૧૦

બંગાળના અખાત પર સર્જાયેલા દબાણના કારણે આવેલા ચક્રવાતી તોફાને હવે વિનાશકારી સ્વરુપ ધારણ કરી લીધું છે જેના ભાગરુપે તંત્ર ૫ સાબદુ થઇ ગયું છે. ઓરિસ્સા અને આંધ્રપ્રદેશમાં એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. ઓરિસ્સામાં સ્કુલ કોલેજો બંધ કરવામાં આવ્યા બાદ ંત્ર બિલકુલ સાવધાન થઇ ગયું છે. હવામાન વિભાગના કહેવા મુજબ આ ચક્રવાતના કારણે ૧૪૫ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાશે. ચક્રવાતના ખતરાને ધ્યાનમાં લઈને ઓરિસ્સા અને આંધ્રપ્રદેશ સરકાર સાવચેતીના પગલા લઈ રહી છે. નિચલા વિસ્તારમાંથી લોકોને સુરક્ષિત ખસેડવામાં આવી રહ્યા છે. બંને રાજ્યોમાં એનડીઆરએફની ટીમ સક્રિય કરવામાં આવી છે. ગુરુવારે સવારે પાંચ વાગ્યાની આસપાસ ઓરિસ્સાના દરિયાકાંઠે તોફાન ત્રાટકી શકે છે. આની અસર હેઠળ ભારે વરસાદ થશે. તીવ્રતા પણ વધુ થશે. તિતલી ખુબ જ વિનાશકારી છે. દરિયાકાંઠે ત્રાટકશે ત્યારે તેની અસર હેઠળ ભારે વરસાદ થશે. ઓરિસ્સા સરકારે રાજ્યની તમામ સ્કુલ કોલેજો અને આંગણવાડી કેન્દ્રોને ૧૧મી અને ૧૨મી ઓક્ટોબરે બંધ રાખવાના આદેશ કર્યા છે. વિદ્યાર્થી ચૂંટણી રદ કરવામાં આવી છે. બીજી બાજુ ભરતી પરીક્ષા પણ રદ કરવામાં આવી છે. ઓરિસ્સામાં એકાએક પુરની સ્થિતિ સર્જાઈ શકે છે. એનડીઆરએફની ૧૪ ટીમો ઓરિસ્સામાં તૈયાર કરવામાં આવી છે. ૮૩૬ રાહત કેમ્પો તૈયાર કરવામાં આવ્યા છે. આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓરિસ્સામાં ટ્રેન સેવા ખોરવાઈ જવાની દહેશત પણ દેખાઈ રહી છે. કેટલીક લાંબા અંતરની ટ્રેનો હાલપુરતી મોકૂફ રાખવામાં આવી છે.

### ટ્રેન અકસ્માતોનો સિલસિલો યથાવત જારી

# હાલના વર્ષોની ટ્રેન દુર્ઘટના..

(સંપૂર્ણ સમાચાર સેવા) રાયબરેલી, તા.૧૦

ઉત્તરપ્રદેશના રાયબરેલીમાં આજે વહેલી પરોઢે ન્યુ ફરક્કા એક્સપ્રેસ ટ્રેનના છ બોગી પાટા પરથી ખડી પડતા ઓછામાં ઓછા સાત લોકોના મોત થઇ ગયા હતા અને ૩૦થી વધારે લોકો ઘાયલ થયા હતા. હાલના વર્ષોમાં ટ્રેન અકસ્માતોનો સિલસિલો જારી રહ્યો છે. હાલના વર્ષોની મોટી ટ્રેન દુર્ઘટના નીચે મુજબ છે.

**વર્ષ ૨૦૧૨ની ટ્રેન દુર્ઘટનાઓ**

- ૨૦મી માર્ચ ૨૦૧૨ના દિવસે ઉત્તરપ્રદેશમાં ભરચક ટેક્સી મિની વાન સાથે ટ્રેન અથડાઈ જતાં ૧૫ના મોત થઈ ગયા હતા અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા
- ૨૨મી મે ૨૦૧૨ના દિવસે આંધ્રપ્રદેશમાં માલગાડી સાથે હુગલી-બેંગ્લોર એક્સપ્રેસ અથડાતા ૧૪ લોકોના મોત થઈ ગયા હતા
- ૩૦મી જુલાઈ ૨૦૧૨ : આંધ્રમાં મેલ્લોર નજીક ચેન્નાઈ તરફ જતી તમિળનાડુ એક્સપ્રેસના ડબ્બા ખડી પડતા ૪૭ લોકોના મોત થયા હતા અને ૨૫ લોકો ઘાયલ થયા હતા

**વર્ષ ૨૦૧૩ની ટ્રેન દુર્ઘટનાઓ**

- ૧૯મી ઓગસ્ટ ૨૦૧૩ : બિહારમાં સહરસા નજીક ધમારા સ્ટેશન ખાતે સહરસા પટણા રાજ્યરાની લોકો ઉપરથી ફરી વળતા ૩૫ લોકોના મોત થયા હતા
- ૨જી નવેમ્બર ૨૦૧૩ : વિજયાનગરમમાં ગોટલાંગ ખાતે અલાપપુજા ધનબાદ એક્સપ્રેસની ટક્કરથી ૧૦ લોકોના મોત થયા હતા
- ૨૮મી ડિસેમ્બર ૨૦૧૩ : આંધ્રપ્રદેશના અનંતપુર જિલ્લાના બેંગ્લોરસિટી-હજપુરસાહિબ નાગપુર-નાંદેજમાં આગ ફાટી નિકળતા ૨૬ ભડથુ થઈ ગયા હતા અને ૧૨ લોકો ઘાયલ થયા હતા

**વર્ષ ૨૦૧૪ની ટ્રેન દુર્ઘટનાઓ**

- ૨૦મી માર્ચ ૨૦૧૪ : છત્રપતિ શિવાજી ટર્મિનસથી ૬૧ કિમીના અંતરે સ્થિત ટ્રેન દુર્ઘટનામાં ૧૮ વર્ષીય વિદ્યાર્થીનું મોત થયું અને નવ ઘાયલ થયા. તે વખતે લોકલ ટ્રેનના છ ડબ્બા ખડી પડ્યા
- ૧૮મી એપ્રિલ ૨૦૧૪ : ફૈઝાબાદ-લોકમાન્ય તિળક એક્સપ્રેસ ખડી પડી હતી. જેમાં કોઇ ખુવારી થઇ ન હતી
- ચોથી મે ૨૦૧૪ : દિવા જંક્શન-સાવંતવાડી પેસેન્જર ટ્રેન ખડી પડી હતી જેમાં ૨૦ના મોત થયા હતા અને ૧૦૦ લોકો ઘાયલ થયા હતા
- ૨૬મી મે ૨૦૧૪ : ગોરખપુર જતી ગોરખધામ એક્સપ્રેસ ઉત્તરપ્રદેશના સંતકબીરનગર જિલ્લામાં ખલીલાબાદ સ્ટેશન નજીક માલગાડી સાથે ટકારાતા ૨૫ના મોત થયા અને ૫૦ ઘાયલ થયા
- ૨૫મી જૂન ૨૦૧૪ : ડિબ્રુગઢ-રાજધાની એક્સપ્રેસ બિહારના છપરા નજીક ખડી પડી હતી જેમાં ચારના મોત થયા અને આઠ ઘાયલ થયા હતા
- ૨૩મી જુલાઈ ૨૦૧૪ : મેઠક જિલ્લામાં નાંદેજ પેસેન્જર ટ્રેન માનવરહિત ક્રોસિંગને પાર કરી રહી હતી ત્યારે ૧૬ વિદ્યાર્થી સહિત ૧૮ લોકો કચડાઈ મર્યા હતા
- ૧૪ ડિસેમ્બર ૨૦૧૪ : યુપીહાવડા-નવીદિલ્હી પૂર્વા એક્સપ્રેસ ખડી પડી હતી. જો કે, આમા કોઇ ખુવારી થઇ ન હતી

**વર્ષ ૨૦૧૫ની ટ્રેન દુર્ઘટનાઓ**

- ૧૩મી ફેબ્રુઆરી ૨૦૧૫ : બેંગ્લોર-ઈરનાકુલમ ઈન્ટરસીટી અનેકલ નજીક ખડી પડી હતી જેમાં ૧૨ના મોત થયા હતા અને ૧૦૦ ઘાયલ થયા હતા
- ૨૦મી માર્ચ ૨૦૧૫ : રાયબરેલી નજીક દેહરાદૂન-વારાણસી જનતા એક્સપ્રેસના ત્રણ કોચ ખડી પડતા ૩૫ના મોત થયા અને ૧૫૦ વધુ ઘાયલ થયા

**વર્ષ ૨૦૧૬ની ટ્રેન દુર્ઘટનાઓ**

- ૨૦મી નવેમ્બર ૨૦૧૬ : કાનપુર નજીક પટણા-ઈન્દોર એક્સપ્રેસ ખડી પડતા ૧૦૦થી વધુ લોકોના મોત થયા અને સેંકડો લોકો ઘાયલ થયા
- ૨૮મી ડિસેમ્બર ૨૦૧૬ : કાનપુર નજીક સિયાલદહ-અજમેર એક્સપ્રેસ ટ્રેન ખડી પડતા બે લોકોના મોત થયા અને ૭૦થી વધારે લોકો ઘાયલ થયા

**વર્ષ ૨૦૧૭ની ટ્રેન દુર્ઘટનાઓ**

- ૨૨મી જાન્યુઆરી ૨૦૧૭ : આંધ્રપ્રદેશમાં ટ્રેન દુર્ઘટનામાં ૩૫ લોકોના મોત અને ૬૦થી વધુ લોકો ઘાયલ થયા. જગદલપુર-ભુવનેશ્વર હીરા ખંડ એક્સપ્રેસ ટ્રેનના ડબ્બા પાટા પરથી ખડી પડતા આ દુર્ઘટના સર્જાઇ હતી
- ૩૦મી માર્ચ ૨૦૧૭ : યુપીના મહોબા ખાતે મહાકાલેશ્વર એક્સપ્રેસ પાટા પરથી ઉતરી જતા ૫૦ લોકો ઈજાગ્રસ્ત થઇ ગયા હતા
- ૧૫મી એપ્રિલ ૨૦૧૭ : મેરઠ લખનૌ એક્સપ્રેસના આઠ ડબ્બા પાટા પરથી ખડી પડતા ૧૦ લોકો ઘાયલ થઇ ગયા હતા
- ૧૫મી એપ્રિલ ૨૦૧૭ : મેરઠ લખનૌ એક્સપ્રેસના આઠ ડબ્બા પાટા પરથી ખડી પડતા ૧૦ લોકો ઘાયલ થયા
- ૧૯ ઓગષ્ટ ૨૦૧૭ : પુરીથી હરિદ્વાર તરફ જઈ રહેલી કલિંગ ઉત્કલ એકપ્રેસ આજે સાંજે મુઝ્ફ્ફરનગરના ખતૌલી નજીક પાટા પરથી ખડી પડતા રેલવે તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઇ હતી. આ બનાવમાં ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત થઇ ગયા હતા

**વર્ષ ૨૦૧૮ની ટ્રેન દુર્ઘટનાઓ**

- ૧૦મી ઓક્ટોબર ૨૦૧૮ના દિવસે રાયબરેલી નજીક ન્યુ ફરક્કા એક્સપ્રેસ પાટા પરથી ખડી પડતા સાતના મોત થયા અને અનેક ઘાયલ થયો

Printer, Publisher, Editor & Owner by **GOHIL PRATAPBHAI KESHUBHAI** Printed at **AMBICA OFFSET, PLOT NO.25, GROUND FLOOR, NR.SAIBABA FLATS, BUNGLOW AREA, KUBERNAGAR, AHMEDABAD**
Published at **115, ROYAL COMPLEX HAJUR PAYAGA ROAD, NEAR HIGH CORT, BHAVANAGAR.** R.N.I. REG. NO. **GUJGUJ/2011/39246.** Editor : **GOHIL PRATAPBHAI KESHUBHAI**